# કલાપૂર્ણ સ્વાધ્યાય

# 3

## શ્રી સંબોધસત્તરિ સાર્થ

: દિવ્યાશિષ દાતા :

પૂ. અધ્યાત્મયોગી આચાર્ય શ્રી
વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.,

: શુભાશિષ દાતા :

પૂ. પ્રવચનકાર આચાર્ય
શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

: સંપાદક :

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

## પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. ના ગુણાનુવાદનું ગીત (રાગ-પંજરે કે પંછી)

એક વિરલ વિભૂતિ રે, એને વંદન વાર હજાર (૨)
ફલોદી નગરીના એક સિતારા, ચમકે તેજ અપાર રે. એને.....
ધન્ય છે પાબૂદાન પિતાને, ધન્ય છે ખમાદેવી માતાને
જેના આંગણમાં જન્મ્યા, કુંવર અક્ષયરાજ રે.....એને.....
વાગડ દેશતણા ઉદ્ધારક, કનકસૂરીશ્વર ગુરુવર પ્યારા રે
કંચન વિજયની જિનવાણીમાં, જેના મન મોહાય. એને.....
સંવત બે હજાર દશની સાલે, ત્રીસ જ વર્ષની યુવાવયમાં રે
જીવનસંગિની બે પુત્રો સહ, સંયમ પંથે જાય....એને.....
માગસર સુદી ત્રીજને દિવસે, ભદ્રેશ્વર મહાવીરની છાયાએ
દેવેન્દ્રસૂરીશ્વરજીના હસ્તે, આચાર્યપદવી થાય. એને.....
જેની રગરગમાં છે વહેતુ, મૈત્રીભાવ કરુણા ભાવ તણું ઝરણું
રોમે-રોમે શ્વાસેશ્વાસે, જિનવચન જિનનામ.....એને.....
જ્ઞાનને ધ્યાનના સાધક એવા, પંચાચારના પાલન હારા રે
કલિયુગના એ કલ્પતરૂવર, સિદ્ધપુરુષ અવતાર...એને.....
રોગને દર્દની ઘોર પીડામાં, ક્ષણભર જેનું મનડું ચલિત ન થાય
અપ્રમત્ત ભાવે દુઃખ સહેતા, ઉપસર્ગો દૂર થાય....એને.....
આર્યભૂમિના એક એક ખૂણે, જૈન શાસનની લ્હાણી કરતા જાય
અધ્યાત્મયોગી એ ગુરૂવરના, ગાવો સહુ ગુણગાન એને.....
ગચ્છઅધિપતિ જગહિતકારી ભવ્યજીવોના તારણહારા રે
કલાપૂર્ણસૂરીશ્વરજીને, નમતાં સવિ દુઃખ જાય એને વંદન

॥ શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ ॥

॥ શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કચ્છ
કલાપૂર્ણસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

# કલાપૂર્ણ સ્વાધ્યાય
# 3

## શ્રીસંબોધસત્તરિ સાર્થ

-: દિવ્યાષિશ દાતા :-

પૂ. અધ્યાત્મયોગી આચાર્ય
શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

-: શુભાષિશ દાતા :-

પૂ. પ્રવચનકાર આચાર્યશ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

-: સંપાદક :-

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

# જ્ઞાનની ભક્તિમાં
# લાભ લેનાર દાતાઓ

સા. શ્રી વિધુત્પ્રભાશ્રીજી મ.ની પ્રેરણાથી
અષ્ટ મંગલની બહેનો - સાબરમતી તરફથી

સા. શ્રી પ્રફુલ્લ પ્રભાશ્રીજી મ.ની પ્રેરણાથી
શ્રી શીતલનાથ ફ્લેટની આરાધક
બહેનો તરફથી અમદાવાદ

પૂ.મુનિશ્રી મોક્ષરત્ન વિજય મ.સા.ની પ્રેરણાથી
શ્રી ઉપધાનતપ સમિતિ-દહેગામ તરફથી

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ છે માટે ગૃહસ્થોએ રૂા. ૧૦/- જ્ઞાન ભંડારમાં રાખીને ઉપયોગ કરવો.

# પ્રસ્તાવના

## સ્વાધ્યાય એ જ આધાર

સ્વાધ્યાય એ સાધુ જીવનનો પ્રાણ છે. સ્વાધ્યાય વડે સાચી સાધના થઈ શકે છે. આ સંબોધ સત્તરિ ગાથાના ભાવને અંતરમાં ઉતારીએ તો વૈરાગ્ય ભાવની નજીક પહોંચી શકાય.

સંબોધ સત્તરિની એક એક ગાથા વૈરાગ્યને ઉત્પન્ન કરનાર છે. જીવનમાં ખૂબ જ ઉપયોગી છે. અનેક આત્મા સ્વાધ્યાય કરી જીવનને ધન્ય બનાવે છે. અમારા પૂ. ગુરુદેવ શ્રી કલાપૂર્ણ સૂ.મ. સા. ના જીવનમાં પણ સ્વાધ્યાય રગેરગમાં વ્યાપેલો હતો. જ્યારે જુઓ ત્યારે સ્વાધ્યાયમાં જ ઓતપ્રોત હોય. પુસ્તક વિનાનો હાથ ક્યારે પણ જોવા ન મળે. અમને પણ વારંવાર પ્રેરણા કરતા કે ભાગ્યશાળીઓ મહાન પુન્યોદયે સંયમ જીવન પામ્યા, માટે હવે પ્રમાદ ન કરશો અને પરસ્પર સ્વાધ્યાય કરતા રહો.

પત્રમાં પત્ર લખતા કે વૈયાવચ્ચ અને સ્વાધ્યાયમાં તત્પર રહેશો.

વ્યાખ્યાનમાં પણ ચડાવા વગેરે બોલાતા હોય ત્યારે પણ તેમની એક મિનિટ પણ સ્વાધ્યાય વગરની ન જાય, એ પૂજ્યશ્રીમાં મહાન ગુણ હતો. આવો સ્વાધ્યાયનો રસ આપણા જીવનમાં આવી જાય તો આત્માનું કલ્યાણ થઈ જાય. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

મુનિ અમિતયશવિજયજી

# સ્થાપનાચાર્ય ૧૩ બોલથી પડિલેહણા કરવી

૧. શુદ્ધ સ્વરૂપના ધારક ગુરુ
૨. જ્ઞાનમય
૩. દર્શનમય
૪. ચારિત્રમય
૫. શુદ્ધા શ્રદ્ધામય
૬. શુદ્ધ પ્રરૂપણામય
૭. શુદ્ધ સ્પર્શનામય
૮. પંચાચાર પાળે
૯. પળાવે
૧૦. અનુમોદે
૧૧. મનગુપ્તિ
૧૨. વચનગુપ્તિ
૧૩. કાયગુપ્તિએ ગુપ્તા

# अथ श्री रत्नशेखरसूरि-विरचिता

# श्री संबोधसत्तरि

नमिऊण तिलोअगुरुं, लोआलोअप्पयासयं वीरं ।
संबोहसत्तरि-महं, रएमि उद्धारगाहाहिं ॥ १ ॥

અર્થ :- સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ ત્રણ લોકના ગુરુ અને લોકાલોકના પ્રકાશક એવા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને સૂત્રોમાંથી ગાથાઓ ઉદ્ધરીને હું આ સંબોધસત્તરિ નામનો ગ્રંથ રચું છું. (૧)

## સમતાનું મહત્વ

સેયંબરો ય આસંબરો ય, બુદ્ધો અ અહવ અન્નો વા ।
સમભાવભાવિઅપ્પા, લહેઈ મુક્ખં ન સંદેહો ॥ ૨ ॥

અર્થ :- ચાહે શ્વેતાંબર પક્ષનો હોય, અથવા દિગંબર હોય, બૌદ્ધ હોય અથવા અન્ય કોઈપણ પક્ષનો રાગી હોય, પરંતુ જેનો આત્મા સમભાવથી ભાવિત હોય, રાગદ્વેષથી મુક્ત હોય, તે મોક્ષ પામે જ, એ નિ:સંદેહ છે. (૨)

# દેવ, ધર્મ અને ગુરુનું સ્વરૂપ

અટ્ઠદસદોસરહિઓ, દેવો ધમ્મોવિ નિઉણદયસહિઓ ।
સુગુરૂવિ બંભયારી, આરંભપરિગ્ગહા વિરઓ ॥ ૩ ॥

**અર્થ** :- અઢાર દૂષણે રહિત હોય તે દેવ સમજવા, શુદ્ધ દયાથી યુક્ત હોય તે ધર્મ સમજવો, તેમજ બ્રહ્મચારી અને આરંભ પરિગ્રહથી મુક્ત હોય તેને સુગુરૂ જાણવા. (૩)

**દેવમાં કયા અઢાર દૂષણો ન હોય તે બતાવે છે.**

અન્નાણ કોહ મય માણ, લોહ માયા રઈ ય અરઈ ય ।
નિદ્દા સોઅ અલિયવયણ, ચોરિઆ મચ્છર ભયા ય ॥ ૪ ॥

પાણિવહ પેમ કીલા-પસંગ હાસા ય જસ્સ એ દોસા ।
અટ્ઠારસવિ પણટ્ઠા, નમામિ દેવાહિદેવં તં ॥ ૫ ॥

**અર્થ** :- અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ-અરતિ, નિદ્રા-શોક, અસત્ય વચન, ચોરી, મત્સર અને ભય તથા પ્રાણીવધ (જીવહિંસા) પ્રેમ, ક્રીડા પ્રસંગ અને હાસ્ય, એ અઢારે દૂષણો જે આત્મામાંથી નાશ પામ્યા છે, તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું. (૪-૫)

## સાચા ધર્મનું સ્વરૂપ

સવ્વાઓ વિ નઈઓ, કમેણ જહ સાયરંમિ નિવડંતિ ।
તહ ભગવઈ અહિંસં, સવ્વે ધમ્મા સમલ્લિંતિ ॥ ૬ ॥

અર્થ :- જેમ સર્વ નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવીને મળે છે, તેમ મહા ભગવતી એવી અહિંસા (દયા)માં સર્વ ધર્મોનો સમાવેશ થાય છે. (૬)

## શુદ્ધ ગુરુનું સ્વરૂપ

સસરીરેવિ નિરીહા, બજ્ઝબ્ભિંતરપરિગ્ગહવિમુક્કા ।
ધમ્મોવગરણમિત્તં, ધરંતિ ચારિત્તરક્ખટ્ઠા ॥ ૭ ॥

પંચિંદિયદમણપરા, જિણુત્તસિદ્ધંતગહિયપરમત્થા ।
પંચસમિયા તિગુત્તા, સરણં મહ એરિસા ગુરુણો ॥ ૮ ॥

અર્થ :- પોતાના શરીરને વિષે પણ મમતા વિનાના, ધન ધાન્યાદિ બાહ્ય અને રાગ-દ્વેષાદિ અભ્યંતર પરિગ્રહથી મુક્ત થયેલા, માત્ર વસ્ત્રાદિ ધર્મસાધનોનો પણ ચારિત્રની રક્ષા માટે જ ઉપયોગ કરનારા, તથા પાંચેય ઇન્દ્રિયોનું દમન કરવામાં સદા તત્પર, જિનેશ્વરદેવે કહેલા સિદ્ધાંતથી ગ્રહણ કર્યો છે

પરમાર્થ જેણે વળી પાંચ સમિતિએ કરી યુક્ત અને ત્રણ ગુપ્તિએ કરી ગુપ્ત, એવા સદ્‌ગુરુનું મને શરણ થાઓ. (૭-૮)

## કુગુરુઓ કોણ કહેવાય તે કહે છે.

**પાસત્થો ઓસન્નો હોઈ કુસીલો તહેવ સંસત્તો ।**
**અહછંદોવિ ય એએ, અવંદણિજ્જા જિણમયંમિ ॥૯॥**

**અર્થ** :- ૧. પાસત્થો, ૨. ઓસન્નો, ૩. કુશીલિયો તેમજ, ૪. સંસક્ત અને ૫. યથાછંદ, એ જિનમતને વિષે અવંદનીક છે.

## કુગુરુને વંદન કરવાનું ફળ

**પાસત્થાઈ વંદમાણસ્સ, નેવ કિત્તી ન નિજ્જરા હોઈ ।**
**જાયઈ કાયકિલેસો, બંધો કમ્મસ્સ આણાઈ ॥૧૦॥**

**અર્થ** :- ઉપર જેમનાં નામ કહ્યાં તે પાસત્થાદિકને વંદન કરનારની યશ-કીર્તિ થતી નથી, નિર્જરા (કર્મક્ષય) પણ થતી નથી, ઊલટો કાયાને કલેશ થાય છે, અને આઠ પ્રકારનાં કર્મોનો બંધ થાય છે. વિશેષમાં જિનાજ્ઞાનો ભંગ થાય, ખોટા માર્ગની પરંપરા ચાલે,

મિથ્યાત્વ કર્મનો બંધ થાય અને સંયમની (શાસ્ત્રની) વિરાધના થાય છે. (૧૦)

## પાસત્થાદિકને નમસ્કાર કરાવનારને શું ગેરલાભ થાય તે કહે છે.

જે બંભચેરભટ્ઠા, પાએ પાડંતિ બંભયારીણં ।
તે હુંતિ ટુંટમુંટા, બોહી વિ સુદુલ્લહા તેસિં ॥ ૧૧ ॥

અર્થ :- જે બ્રહ્મચર્ય ભ્રષ્ટજીવો, બ્રહ્મચારી જીવોને પોતાને પગે પાડે છે, વંદન કરાવે છે, તેઓ આવતા ભવમાં લૂલા-પાંગળા થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ તેઓને અત્યંત દુર્લભ થઈ પડે છે. (૧૧)

## સમ્યક્ત્વથી ભ્રષ્ટ થવાથી શું નુકસાન થાય ?

દંસણભટ્ઠોભટ્ઠો, દંસણભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણં ।
સિજ્ઝંતિ ચરણરહિઆ, દંસણરહિઆ ન સિજ્ઝંતિ ॥ ૧૨ ॥

અર્થ :- દર્શન એટલે સમ્યક્ત્વ, તેનાથી ભ્રષ્ટ થયેલો સર્વથા ભ્રષ્ટ કહેવાય છે, કારણ કે દર્શન ભ્રષ્ટને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. દ્રવ્ય ચારિત્ર

રહિત હોય તે સિદ્ધપદને પામે છે, પણ સમ્યક્ત્વ રહિત જીવો સિદ્ધ પદને પામતા નથી. (૧૨)

## જિનાજ્ઞાનો અતિક્રમ ન કરવો.

**તિત્થયરસમો સૂરી, સમ્મં જો જિણમયં પયાસેઈ ।**
**આણાઈ અઈક્કંતો, સો કાપુરિસો ન સપ્પુરિસો ॥ ૧૩ ॥**

**અર્થ** :- તે આચાર્ય તીર્થંકરના સમાન છે, કે જે જિનવચનને સમ્યક્ પ્રકારે ઉપદેશે છે, જે આણા-જિનાજ્ઞાનો અતિક્રમ કરે છે, લોપે છે, તેને કુત્સિત પુરુષ સમજવો, પણ સત્પુરુષ (સાધુ)ન સમજવો. (૧૩)

## કુગુરુઓ કેવો અનર્થ કરે છે ?

**જહ લોહસિલા અપ્પં-પિ બોલએ તહ વિલગ્ગપુરિસંપિ ।**
**ઈય સારંભો ય ગુરૂ, પરમપ્પાણં ચ બોલેઈ ॥ ૧૪ ॥**

**અર્થ** :- જેમ લોખંડની શીલા (નાવડી) પોતે ડૂબે છે અને તેને વળગેલા-તેમાં બેઠેલા મનુષ્યને પણ ડૂબાડે છે. તેમ જિનાજ્ઞાવિરૂદ્ધ વર્તનારા પાપી (આરંભાદિ સહિત) ગુરુઓ જેઓ તેમના ઉપાસક (સેવક) હોય

તેઓને અને પોતાને (પોતાના આત્માને) પણ સંસારમાં ડૂબાડે છે. (૧૪)

## કુગુરુને વંદનાદિ કરવાથી થતાં નુકસાન કહી તેનાથી બચવાનો ઉપદેશ કરે છે.

**કિઈકમ્મં ચ પસંસા, સુહસીલજણંમિ કમ્મબંધાય ।**
**જે જે પમાયઠાણા, તે તે ઉવવૂહિયા હુંતિ ॥ ૧૫ ॥**
**એવં ણાઊણ સંસગ્ગિ, દંસણાલાવસંથવં ।**
**સંવાસં ચ હિયાકંખી, સવ્વોવાએહિ વજ્જએ ॥ ૧૬ ॥**

અર્થ :- સુખશીલિયા-ભ્રષ્ટાચારી ગુરુને કૃતિકર્મ દ્વાદશાવર્ત્તવંદન અને પ્રશંસા (વિગેરે) કરવાથી કર્મબંધન થાય છે, વિશેષમાં તે જે જે પ્રમાદ સેવતો હોય તેનું વધારે સેવન કરે છે અને તેને વંદના પ્રશંસા વગેરે કરવાવાળો તેમાં સહાયક થાય છે. એ પ્રમાણે સમજીને પાસત્થાદિક તથા પાપારંભવાળા સુખશીલ ગુરુઓનો સંસર્ગ, તેમનું દર્શન, તેમની સાથે આલાપસંલાપ (વાર્તાલાપ), તેમની સ્તુતિ અને તેમનો સહવાસ વગેરે પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે સર્વ ઉપાયે કરીને તજવી જોઈએ. (૧૫-૧૬)

## ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેના પરિણામ શિથીલ થાય તેને સર્પે છછુંદર ગ્રહણ કર્યા બરાબર થાય છે.

અહ ગિલઈ ગલઈ ઉઅરં, અહવા પચ્ચુગ્ગલંતિ નયણાઇં ।
હા વિસમા કજ્જગઈ, અહિણા છચ્છુંદરી ગહિઆ ॥ ૧૭ ॥

અર્થ :- સર્પ જો છછુંદરને મુખમાં પકડયા પછી ગળી જાય તો તેનું પેટ ગળી જાય, અને જો પાછું કાઢી નાંખે તો નેત્રો નાશ પામે. હા ! વિષમ કાર્ય થયું કે, સર્પે છછુંદર ગ્રહણ કર્યું ! (૧૭)

## શિથીલને સ્થિર કરવાને ચારિત્રધર્મનું સર્વોત્કૃષ્ટપણું બતાવે છે.

કો ચક્કવટ્ટિરિદ્ધિં, ચઈઉં દાસત્તણં સમભિલસઈ ।
કો વ રયણાઈં મુત્તું, પરિગિન્હઈ ઉવલખંડાઈ ॥ ૧૮ ॥

અર્થ :- ચક્રવર્તીપણાની ઋદ્ધિને ત્યજી દઈને દાસપણાની અભિલાષા કોણ કરે ? અથવા રત્નોને મૂકીને પથ્થરના ટુકડા કોણ ગ્રહણ કરે ? (જે મૂર્ખ

હોય અને લાભાલાભના વિચારથી શૂન્ય હોય તેજ ચારિત્ર છોડીને ગૃહસ્થ બનવાનો વિચાર કરે. (૧૮)

## ચારિત્રનું કષ્ટ શાશ્વતું નથી. એમ દૃષ્ટાંતવડે સિદ્ધ કરે છે.

**નેરઈયાણ વિ દુક્ખં, ઝિજ્જઈ કાલેણ કિં પુણ નરાણં ।**
**તા ન ચિરં તુહ હોઈ, દુક્ખમિણં મા સમુચ્ચિયસુ ॥૧૯॥**

**અર્થ :-** (હે સાધુ !) નારકીનાં દુઃખો પણ કાળે કરીને નાશ પામે છે, તો મનુષ્યપણાનાં દુઃખો માટે શું કહેવું ? તે માટે તને આ દુઃખ ઘણા કાળ સુધી નહિ રહે, એમ સમજી તું ખેદ (ત્યાગ) ન કર ! (સાત્વિક બન !) (૧૯)

## વ્રતભંગ ન કરવાનો ઉપદેશ

**વરં અગ્ગિંમિ પવેસો, વરં વિસુદ્ધેણ કમ્મણા મરણં ।**
**મા ગહિયવ્વયભંગો, મા જીઅં ખલિઅસીલસ્સ ॥ ૨૦ ॥**

**અર્થ :-** અગ્નિમાં પ્રવેશ કરવો તે શ્રેષ્ઠ છે, વિશુદ્ધકર્મ (અણસણ) કરીને મરણ પામવું તે પણ શ્રેષ્ઠ છે, પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો તે શ્રેષ્ઠ

નથી, તેમજ શીલથી ભ્રષ્ટ થઈને જીવવું પણ શ્રેષ્ઠ નથી.(૨૦)

**શ્રદ્ધાથી દૃઢતા કેળવવા માટે ત્રણ ગાથાથી સમકિતનું સ્વરૂપ, તેની દુર્લભતા અને તેનું ફળ.**

**અરિહં દેવો ગુરુણો, સુસાહુણો જિણમયં મહ પમાણં ।**
**ઈચ્ચાઈ સુહો ભાવો, સમ્મત્તં બિંતિ જગગુરુણો ॥ ૨૧ ॥**

**અર્થ** :- અરિહંત તે દેવ, સુસાધુ તે ગુરુ અને જૈન (જિનોકત) તત્ત્વો (ધર્મ) તે મારે પ્રમાણ છે. ઇત્યાદિ આત્માનો શુભ ભાવ, તેને જગદ્ગુરુ શ્રી તીર્થંકર દેવો સમ્યક્ત્વ કહે છે.(૨૧)

**લબ્ભઈ સુરસામિત્તં, લબ્ભઈ પહુઅત્તણં ન સંદેહો ।**
**એગં નવરિ ન લબ્ભઈ, દુલ્લહરયણં વ સમ્મત્તં ॥ ૨૨ ॥**

**અર્થ** :- દેવોનું સ્વામીપણું (ઇન્દ્રપણું), અને પ્રભુતા (ઐશ્વર્ય-ઠકુરાઈ) પણ મળી શકે છે, પણ જીવને સંસારમાં (ચિંતામણી રત્નથી પણ અધિક) અમૂલ્ય રત્ન સરખું સમ્યક્ત્વરત્ન મળવું દુર્લભ છે, તે નિઃસંદેહ છે.(૨૨)

સમ્મત્તંમિ ઉ લદ્ધે, વિમાણવજ્જં ન બંધએ આઉં ।
જઈવિ ન સમ્મત્તજઢો, અહવ ન બદ્ધાઉઓ પુવ્વિં ॥ ૨૩ ॥

અર્થ :- સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો તેણે પાછું તે વમી નાંખ્યું ન હોય, તો અથવા સમ્યક્ત્વ પ્રાપ્તિની પૂર્વે કોઈ અન્ય ગતિનું નિકાચિત આયુષ્ય ન બાંધ્યું હોય તો મનુષ્ય આગામી ભવનું વૈમાનિક દેવગતિ સિવાય અન્ય આયુષ્યબાંધતો નથી. (૨૩)

## સામાયિકનો મહિમા

દિવસે દિવસે લક્ખં, દેઈ સુવન્નસ્સ ખંડિયં એગો ।
એગો પુણ સામાઈયં, કરેઈ ન પહુપ્પએ તસ્સ ॥ ૨૪ ॥

અર્થ :- એક પુરુષ દરરોજ લાખ ખાંડી જેટલું સુવર્ણ દાનમાં આપે, અને બીજો સામાયિક કરે, એ બેમાં સોનાનું દાન કરનારો સામાયિક કરનારને પહોંચી શકતો નથી, અર્થાત્ સામાયિકનું ફળ ઘણું જ છે.(૨૪)

નિંદપસંસાસુ સમો, સમો અ માણાવમાણકારીસુ ।
સમસયણ-પરિયણમણો, સામાઈયસંગઓ જીવો ॥ ૨૫ ॥

અર્થ :- નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાનમાં તથા સ્વજન અને પરજનમાં જેનું મન સમાન છે. તેવા જીવને સામાયિકવાળો કહ્યો છે, (સામાયિકમાં આત્માએ એવો ભાવ કેળવવો જોઈએ.) (૨૫)

## શું કરવાથી સામાયિક નિષ્ફળ બને ?

**સામાઈયં તુ કાઉં, ગિહકજ્જં જો ય ચિંતએ સટ્ઠો ।**
**અટ્ટવસટ્ટોવગઓ, નિરત્થયં તસ્સ સામઈયં ॥ ૨૬ ॥**

અર્થ :- જે શ્રાવક સામાયિક કરવા છતાં સામાયિકમાં ગૃહકાર્યને ચિંતવે, અને આર્ત્ત રૌદ્ર ધ્યાનને વશ તો થાય તેનું સામાયિક નિરર્થક છે. (૨૬)

## આચાર્ય મહારાજનું ગુણોદ્વારા વર્ણન.

**પડિરૂવાઈ ચઉદસ, ખંતીમાઈ ય દસવિહો ધમ્મો ।**
**બારસ ય ભાવણાઓ, સૂરિગુણા હુંતિ છત્તીસં ॥ ૨૭ ॥**

અર્થ :- ૧. પ્રતિરૂપ એટલે તીર્થંકર વગેરેના પ્રતિબિમ્બ જેવો શરીરનો આકાર અર્થાત્ પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ અને અવિકલ અંગોપાંગ વગેરે સુંદર શરીરવાળા, ૨. તેજસ્વી (પ્રભાવશાળી),

૩. પોતાના યુગમાં અન્યજનો કરતાં વિશેષજ્ઞાની-બહુશ્રુત, ૪. મધુર વચનવાળા, ૫. ગંભીર હૃદયવાળા, ૬. ધૈર્યવાન (પરિષહો કે સંકટોમાં પણ ધર્મ માર્ગની રક્ષા કરનારા), ૭. ધર્મમાર્ગના ઉપદેશક, ૮. બીજાએ કહેલી ગુપ્ત વાતોને કદાપિ પ્રગટ નહિ કરનારા, ૯. પ્રસન્ન મુખાકૃતિ, ૧૦. શિષ્યાદિને માટે જ્ઞાનાદિની સામગ્રીનો સંગ્રહ કરનારા, ૧૧. દ્રવ્યાદિ વિવિધ અભિગ્રહો (નિયમો) ગ્રહણ કરવા કરાવવાની બુદ્ધિવાળા, ૧૨. પોતાની પ્રશંસા કે પરનિંદા વગેરે વિકથા નહિ કરનારા-ઘણું નહિ બોલનારા, ૧૩. ચપળતા રહિત સ્થિર સ્વભાવી અને ૧૪. ક્રોધાદિથી રહિત; શાન્ત હૃદયવાળા, એ ચૌદ ગુણોથી યુક્ત, તથા ૧, ક્ષમા, ૨. મૃદુતા, ૩. સરળતા, ૪. નિર્લોભતા, ૫. (બાર પ્રકારનો) તપ, ૬. (સત્તર પ્રકારનું) સંયમ, ૭. સત્ય, ૮. શૌર્ય (મનની શુદ્ધિ), ૯. નિર્મમત્વ અને ૧૦. નવવાડથી નિર્મળ બ્રહ્મચર્ય એ દશ પ્રકારના યતિ ધર્મવાળા અને ૧. અનિત્યતા, ૨. અશરણતા, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિ, ૭.

આશ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦ લોકસ્વરૂપ ૧૧. બોધિની (સમ્યક્ત્વની) દુર્લભતા, અને ૧૨ ધર્મ એ બાર ભાવનાઓથી ભાવિતાત્મા, એમ આચાર્યના છત્રીસ ગુણો જાણવા. (શાસ્ત્રમાં છત્રીસ પ્રકારે છત્રીસ ગુણોનું વર્ણન છે.) (૨૭)

## સાધુના સત્તાવીશ ગુણો.

**છવ્વય છકાયરક્ખા, પંચિંદિયલોહનિગ્ગહો ખંતી ।**
**ભાવવિસુદ્ધી પડિલે-હણાઈ કરણે વિસુદ્ધી ય ॥ ૨૮ ॥**
**સંજમજોએ જુત્તો, અકુસલમણવયણકાયસંરોહો ।**
**સીયાઈપીડસહણં, મરણં ઉવસગ્ગસહણં ચ ॥ ૨૯ ॥**

**અર્થ :-** જીવહિંસા, અસત્ય, ચોરી મૈથુન, પરિગ્રહ (મૂર્છા) અને રાત્રિભોજન, એ છનો ત્યાગ કરવા રૂપ છ વ્રતો પાળવાં, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ કાય જીવોની રક્ષા કરવી, ચામડી, જીભ, નાક, નેત્રો અને કાન એ પાંચ ઇન્દ્રિયો તથા લોભ એ છને વશ કરવાં, ૧૯. ક્ષમા કરવી, ૨૦. ભાવ શુદ્ધ કરવો. ૨૧. પડિલેહણ વગેરે શુદ્ધ (વિધિપૂર્વક) કરવું, ૨૨. સાધુપણાના

યોગોમાં (વિનય-વૈયાવચ્ચ-જ્ઞાન-ધ્યાન વગેરે કાર્યોમાં) રક્ત રહેવું, ૨૩-૨૪-૨૫ દુષ્ટ મન-વચન તથા કાયાનો રોધ કરવો, ૨૬. ઠંડી વગેરે પરિષહોની પીડાને સહન કરવી અને ૨૭. મરણાન્ત ઉપસર્ગો સહન કરવા, એ પ્રમાણે સાધુના સત્તાવીશ ગુણો જાણવા. (૨૮-૨૯).

## ગુણવાન્ સાધુની સેવા કરવાનું કહે છે.

સત્તાવીસગુણેહિં, એએહિં જો વિભૂસિઓ સાહૂ ।
તં પણમિજ્જઈ ભત્તિ-બ્ભરેણ હિયએણ રે જીવ! ॥ ૩૦ ॥

અર્થ :- ઉપર કહ્યા તે સત્તાવીસ ગુણોથી જે સાધુ વિભૂષિત છે, તેને હે જીવ ! અતિ ભક્તિભર્યા હૃદયથી નમસ્કાર કરવો જોઈએ. (૩૦)

## શ્રાવકના એકવીસ ગુણો.

ધમ્મરયણસ્સ જુગ્ગો, અક્ખુદ્દો રૂવવં પગઈસોમો ।
લોગપ્પિઓ અકૂરો, ભીરૂ અસઢો સુદક્ખિણ્ણો ॥ ૩૧ ॥
લજ્જાલુઓ દયાલૂ, મજ્ઝત્થો સોમદિટ્ઠિ-ગુણરાગી ।
સક્કહ-સુપક્ખજુત્તો, સુદીહદંસી વિસેસણ્ણૂ ॥ ૩૨ ॥

વુડ્ઢાણુગો વિણીઓ, કયન્નુઓ પરહિઅત્થકારી અ ।
તહ ચેવ લદ્ધલક્ખો, ઈગવીસગુણો હવઈ સડ્ઢો ॥ ૩૩ ॥

**અર્થ** :- ધર્મરત્નને મેળવવાની યોગ્યતાવાળો શ્રાવક એકવીસ ગુણે કરીને યુક્ત હોય, તે એકવીસ ગુણો આ પ્રમાણે-અક્ષુદ્ર (ગંભીર) ૧, રૂપવંત (ઇન્દ્રિયો અને અવયવોથી પરિપૂર્ણ સુંદર શરીરવાળો) ૨, પ્રકૃતિએ સૌમ્ય ૩, લોકપ્રિય ૪, અક્રૂર ૫, પાપભીરુ ૬. અશઠ (સરળ) ૭, સુદાક્ષિણ્યવાન્ ૮, ખરાબ કામમાં લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ (ગુણ-અવગુણમાં કે શત્રુમિત્રમાં મધ્યસ્થ એવી સૌમ્યદૃષ્ટિવાળો) ૧૧, ગુણરાગી ૧૨, સત્યકથક (ધર્મકથા વગેરે સારી વાર્તાઓ કરવાના સ્વભાવવાળો) ૧૩, સુપક્ષયુક્ત (કુટુંબ-પરિજન વગેરે પક્ષ ધર્મી હોય તેવો) ૧૪, સુદીર્ઘદર્શી (પર્યાલોચનકારી) ૧૫, વિશેષજ્ઞ (વસ્તુના ગુણદોષને-ભેદને સમજનારો) ૧૬, વૃદ્ધાનુગ (જ્ઞાનવૃદ્ધ અને સદાચારી પુરુષોને અનુસરનારો) ૧૭, વિનીત ૧૮, કૃતજ્ઞ (બીજાએ કરેલા ઉપકારને નહિ ભૂલનારો) ૧૯, પરહિતાર્થકારી

૨૦, તેમજ લબ્ધલક્ષ (અન્યના ચિત્તને ઓળખનારો અથવા સાધ્ય નિશ્ચિત કર્યું હોય તેવો) ૨૧, એ એકવીસ ગુણવાળો જીવ ધર્મને માટે યોગ્ય જાણવો. (૩૧-૩૨-૩૩)

## જિનાગમની અતિ આવશ્યકતા.

**કત્થ અમ્હારિસા પાણી, દૂસમા-દોસદૂસિઆ ।**
**હા અણાહા કહં હુંતા, ન હુંતો જઈ જિણાગમો ॥ ૩૪ ॥**

અર્થ :- દૂષમ કાલના દોષે કરીને દૂષિત (વક્ર અને જડ) અમારા જેવા અનાથ નિરાધાર પ્રાણીઓ જો જિનાગમ ન હોત તો ક્યાં કેવાં દુઃખો પામત ? અર્થાત્ વિશિષ્ટ જ્ઞાનીઓના વિરહમાં જીવને એક જિના ગમનો જ જીવનમાં આધાર છે. (૩૪)

## આગમનું બહુમાન કરવાથી થતા લાભો.

**આગમં આયરંતેણં, અત્તણો હિયકંખિણા ।**
**તિત્થનાહો ગુરૂ ધમ્મા, સવ્વે તે બહુમન્નિયા ॥ ૩૫ ॥**

અર્થ :- આત્માનું હિત ઇચ્છનારે આગમને અર્થાત્ આગમોક્ત રહસ્યને આચરવાથી તત્ત્વરૂપે

સ્વીકારવાથી વસ્તુત: આગમને જ નહિ, પણ આગમ શ્રી તીર્થંકરદેવ બતાવનાર ગુરુ અને ધર્મ, એ સર્વનું બહુમાન કર્યું ગણાય છે. (૩૫)

## હવે કેવો સંઘ શ્રી સંઘ તરીકે ન મનાય ?

સુહસીલાઓ સચ્છંદ ચારિણો વેરિણો સિવપહસ્સ ।
આણાભટ્ઠાઓ બહુજણાઓ મા ભણહ સંઘુત્તિ ॥ ૩૬ ॥

અર્થ :- ગૌતમસ્વામી પ્રત્યે શ્રી વીર ભગવંત કહે છે કે હે ગૌતમ ! સુખશીલિયા અર્થાત્ પૌદ્ગલિક સુખના અર્થી સ્વેચ્છા મુજબ વર્તવાવાળા (સદાચાર વિમુખ), મોક્ષમાર્ગના વૈરી (ધર્મદ્રોહી) અને તેથી જિનાજ્ઞાભ્રષ્ટ (જિનવચનના લોપક) એવા ઘણા લોકોનો સમૂહ હોય તો પણ તેને 'શ્રી સંઘ' ન કહેવો. (૩૬)

## પૂજ્ય 'શ્રીસંઘ' કોને કહેવાય ?

એગો સાહૂ એગા ય, સાહુણી સાવઓવિ સડ્ઢી વા ।
આણા જુત્તો સંઘો, સેસો પુણ અટ્ઠિસંઘાઓ ॥ ૩૭ ॥
નિમ્મલનાણપહાણો, દંસણજુત્તો ચરિત્તગુણવંતો ।
તિત્થયરાણ ય પુજ્જો, વુચ્ચઈ એયારિસો સંઘો ॥ ૩૮ ॥

અર્થ :- જે જિનાજ્ઞાએ કરીને યુક્ત હોય, તેવા કે એક સાધુ, કે સાધ્વી, કે શ્રાવક એક જ શ્રાવિકા હોય તો પણ તેને સંઘ કહેવાય. બાકી (ઉપર કહ્યા તેવા સુખશીલિયા વગેરેનો) સમૂહ ઘણો હોય તો પણ તે હાડકાંનો સમૂહ જાણવો. (કારણ કે ધર્મરૂપ પ્રાણ વિનાનાં તે હાડકાં જ ગણાય) (૩૭)

તથા નિર્મળ એટલે સમ્યગ્ જ્ઞાનની જયાં (જેના જીવનમાં) પ્રધાનતા છે, જે સમ્યગ્ દર્શનથી યુક્ત છે અને જે સમ્યગ્ ચારિત્ર ગુણવાળો છે (એમ જે સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો આરાધક છે, આધાર છે) એવો 'શ્રી સંઘ' તે શ્રીતીર્થંકરોને પણ પૂજ્ય કહેવાય છે. (૩૮)

## ક્રિયામાં જિનાજ્ઞાની મહત્તા

**જહ તુસખંડણ-મયમંડણાઈં રુણ્ણાઈં સુન્નરન્નંમિ ।**
**વિહલાઈં તહ જાણસુ, આણારહિયં અણુટ્ઠાણં ॥ ૩૯ ॥**
**આણાઈ તવો આણાઈ, સંજમો તહ ય દાણમાણાએ ।**
**આણારહિઓ ધમ્મો, પલાલ-પુલ્લૂ વ પડિહાઈ ॥ ૪૦ ॥**

**અર્થ :-** જેમ ફોતરાંને ખાંડવાં, મડદાને શણગારવું વગેરે અને શૂન્ય અરણ્યમાં એકલા રડવું વગેરે નિષ્ફળ છે. તેમ જિન-આજ્ઞા રહિત અનુષ્ઠાન (કષ્ટકારી ધર્મક્રિયા) પણ નિષ્ફળ છે. (૩૯)

**કારણ કે-** શ્રી તીર્થંકરના કહ્યા પ્રમાણે કરેલાં તપ, સંયમ અને દાન (વગેરે) સાચાં કહેવાય છે, અર્થાત્ તે જ સાચું તપ-સંયમ અને દાન છે કે જેમાં શ્રી જિનાજ્ઞાનું પાલન થાય છે. તેમાં જ તપ, સંયમ અને દાન આવી જાય છે. જે ધર્મ જિનાજ્ઞાથી રહિત (વિરૂદ્ધ) કરવામાં આવે, તે પરાળના પૂળાની (તૃણ સમૂહની) જેમ શોભતો નથી. અર્થાત્ તેની કિંમત તૃણ સમાન છે. (૪૦)

## એ જ વાતને સિદ્ધ કરે છે.

**આણાખંડણકારી, જઈવિ તિકાલં મહાવિભૂઈએ ।**
**પૂએઈ વીયરાયં, સવ્વંપિ નિરત્થયં તસ્સ ॥૪૧॥**

**અર્થ :-** શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરવાવાળો જીવ ઘણી શોભાપૂર્વક ઘણા મનથી ત્રણેય

કાળ શ્રી વીતરાગ દેવની પૂજા કરે, તો પણ તે સર્વ ક્રિયા (જેની પોતે પૂજા કરે છે) તે વીતરાગની આજ્ઞાથી બહાર હોવાથી નિરર્થક છે. (૪૧)

## આજ્ઞાવિરુદ્ધ કરેલો ધર્મ ઊલટો દુઃખદાયી બને છે, તે દૃષ્ટાંતથી સમજાવે છે.

રન્નો આણાભંગે, ઈક્કુચ્ચિય હોઈ નિગ્ગહો લોએ ।
સવ્વન્નુઆણાભંગે, અણંતસો નિગ્ગહો હોઈ ॥ ૪૨ ॥

**અર્થ :-** આ લોકને વિષે રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એક જ વાર નિગ્રહ-શિક્ષા થાય છે, પરંતુ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કરવાથી (બંધાતા દુષ્ટ કર્મના યોગે) અનંતિવાર નિગ્રહબહુ જન્મોને વિષે છેદન, ભેદન, જન્મ જરા, મરણ, શોક અને રોગાદિરૂપ દંડ ભોગવવો પડે છે. (૪૨)

## અવિધિથી અને વિધિથી કરેલા ધર્મના ફળનું દૃષ્ટાંત.

જહ ભોયણમવિહિક્યં, વિણાસએ વિહિક્યં જિયાવેઈ ।
તહ અવિહિક્ઓ ધમ્મો, દેઈ ભવં વિહિક્ઓ મુક્ખં ॥ ૪૩ ॥

**અર્થ** :- જેમ અવિધિથી કરેલું ભોજન શરીરનો વિનાશ કરે છે અને વિધિથી કરેલું ભોજન પુષ્ટિ કરે છે, તેમ અવિધિથી કરેલો ધર્મ સંસારમાં રખડાવે છે અને વિધિથી કરેલો ધર્મ મોક્ષને આપે છે. (૪૩)

## દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના અંતરનું દૃષ્ટાંત

**મેરુસ્સ સરિસવસ્સ ય, જત્તિયમિત્તં તુ અંતરં હોઈ ।**
**દવ્વત્થય-ભાવત્થય, અંતરમિહ તત્તિયં નેયં ॥ ૪૪ ॥**

**અર્થ** :- મેરુપર્વત અને સરસવમાં જેટલું અંતર છે, તેટલું અંતર દ્રવ્યધર્મ અને ભાવધર્મમાં જાણવું (૪૪)

## દ્રવ્યધર્મ અને ભાવધર્મનું ઉત્કૃષ્ટ ફળ.

**ઉક્કોસં દવ્વત્થય, આરાહઓ જાવ અચ્ચુઅં જાઈ ।**
**ભાવત્થએણ પાવઈ, અંતોમુહુત્તેણ નિવ્વાણં ॥ ૪૫ ॥**

**અર્થ** :- દ્રવ્યસ્તવનો આરાધક વધારેમાં વધારે અચ્યુત નામે બારમા દેવલોક સુધી જાય છે અને ભાવ-સ્તવનો આરાધક અંતર્મુહૂર્તમાં નિર્વાણને પામે છે. (૪૪)

અહીં દ્રવ્યસ્તવ એટલે દેવપૂજા, દાન વગેરે શ્રાવક ધર્મ અને ભાવસ્તવ એટલે સાધુધર્મ સમજવો. નહી તો

મિથ્યાત્વી જીવ દ્રવ્ય સાધુ ક્રિયાથી નવમા ગ્રૈવેયક સુધી જાય એમ કહેલું છે તે અસંગત થાય. (૪૫)

## કેવો ગચ્છ ત્યાગ કરવા યોગ્ય છે ?

**જત્થ ય મુણિણો કયવિક્કયાઈ, કુવ્વંતિ નિચ્ચપબ્ભટ્ઠા ।**
**તં ગચ્છં ગુણસાયર, વિસં વ દૂરં પરિહરિજ્જા ॥ ૪૬ ॥**
**જત્થ ય અજ્જાલદ્ધં, પડિગ્ગહમાઈયવિવિહમુવગરણં ।**
**પડિભુંજઈ સાહૂહિં, તં ગોયમ કેરિસં ગચ્છં ॥ ૪૭ ॥**
**જહિઁ નત્થિ સારણા વારણા ય- પડિચોયણા ય ગચ્છંમિ ।**
**સો અ અગચ્છો ગચ્છો, સંજમકામીહિ મુત્તવ્વો ॥ ૪૮ ॥**

અર્થ :- જે ગચ્છમાં નિત્ય આચારથી ભ્રષ્ટ એવા મુનિઓ ક્રયવિક્રયાદિ કરે છે, તે ગચ્છને હે ગુણસાગર ! (ગુણના અર્થી હે જીવ !) વિષની પેઠે તારે દૂર ત્યજી દેવો જોઈએ (૪૬)

વળી જે ગચ્છમાં સાધુઓ સાધ્વીએ લાવેલાં (વહોરેલાં) વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણો વાપરે છે, હે ગૌતમ ! તે ગચ્છ કેવો ? અર્થાત્ એને ગચ્છ કહેવાય જ નહિ. (૪૭)

તથા જે ગચ્છમાં કરણીય કરવાનું ભૂલી જનારને સ્મૃતિ (યાદ) આપવા રૂપ સારણા, અકરણીય કરતો હોય તેને નિષેધ કરવારૂપ વારણા, કરવા યોગ્ય સંયમના યોગોમાં પ્રેરણા આપવારૂપી ચોયણા, અને વારંવાર પ્રેરણા કરવારૂપ પડિચોયણા કરવામાં આવતી નથી, તે ગચ્છને (ગચ્છનું કાર્ય કરતો નહિ હોવાથી) અગચ્છ સમજી સંયમના અર્થી સાધુએ છોડી દેવો જોઈએ. અન્ય સારા ગચ્છનો આશ્રય લેવો જોઈએ. (૪૮)

## ગચ્છવાસની ઉપેક્ષા કરવાનું અને પાળવાનું ફળ.

**ગચ્છં તુ ઉવેહંતો, કુવ્વઈ દીહં ભવે વિહીએ ઉ ।**
**પાલંતો પુણ સિજ્ઝઈ, તઈઅ-ભવે ભગવઈ સિદ્ધં ॥ ૪૯ ॥**

અર્થ :- ગચ્છવાસની ઉપેક્ષા કરનારો (એકલ વિહારી) સંસારને વધારે છે, અને શાસ્ત્રમાં જણાવેલા વિધિ પ્રમાણે (જે અન્ય ગચ્છને સ્વીકારીને પણ ગચ્છવાસનું) પાલન કરે તે ત્રીજે ભવે સિદ્ધિને પામે છે, એમ શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે (૪૯)

## ગચ્છ કોને કહેવાય ?

જત્થ હિરન્નસુવન્નં, હત્થેણ પરાણગંપિ નો છિપ્પે ।
કારણસમલ્લિયંપિ હુ, ગોયમ ગચ્છં તયં ભણિયં ॥૫૦॥
પુઢવિદગઅગણિમારુઅ-વણસ્સઈ તહ તસાણ વિવિહાણં ।
મરણંતેવિ ન પીડા, કીરઈ મણસા તયં ગચ્છં ॥૫૧॥
મૂલગુણેહિં વિમુક્કં, બહુગુણકલિયંપિ લદ્ધિસંપન્નં ।
ઉત્તમકુલેવિ જાયં, નિદ્ધાડિજ્જઈ તયં ગચ્છં ॥૫૨॥
જત્થ ય ઉસહાદીણં, તિત્થયરાણં સુરિંદમહિયાણં ।
કમ્મટ્ઠવિમુક્કાણં, આણં ન ખલિજ્જઈ સ ગચ્છો ॥૫૩॥
જત્થ ય અજ્જાહિં સમં, થેરાવિ ન ઉલ્લવંતિ ગયદસણા ।
ન ય ઝાયંતિત્થીણં, અંગોવંગાઈં તં ગચ્છં ॥૫૪॥

**અર્થ** :- જે ગચ્છમાં મુનિઓ પારકાના સોનાને કે ઘરેણાંને (ધન-રોકડને) તેઓ કોઈ પણ કારણે સમર્પણ કરે કે ભેટ કરે, તો પણ (તેને લેવું તો દૂર રહ્યું) હાથથી સ્પર્શ માત્ર પણ કરતા નથી, હે ગૌતમ ! તેવા ગચ્છને સુગચ્છ કહ્યો છે. (૫૦)

જે ગચ્છમાં મુનિઓ પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, અને વિવિધ

પ્રકારના ત્રસકાય જીવોને મરણાંતે પણ મનથીય પીડા કરવાનો વિચાર સરખો પણ કરતા નથી, એવા ગચ્છને ગચ્છ કહ્યો છે. (૫૧)

જે ગચ્છમાં કોઈ સાધુ બીજા ઘણા ગુણોથી યુક્ત હોય, અનેક પ્રકારની લબ્ધિઓવાળા હોય, અને ઉત્તમ કુળમાં જન્મેલો હોય, તથાપિ (ચરણ સિત્તરી રૂપ) મૂળ ગુણોથી તે ભ્રષ્ટ હોય, તો તેવાને પણ જે ગચ્છ બહાર કરે, કાઢી મૂકે તે ગચ્છને ગચ્છ જાણવો. (૫૨)

જે ગચ્છમાં આઠ કર્મોથી મુક્ત અને ઇન્દ્રોથી પૂજાએલા એવા શ્રી ઋષભાદિક તીર્થંકરોની આજ્ઞા અખંડ પળાય છે, સ્ખલના પામતી નથી, તે ગચ્છને ગચ્છ જાણવો. (૫૩)

જે ગચ્છમાં જેના દાંત પણ પડી ગયા હોય તેવા સ્થવિર ઘરડા સાધુ પણ, સાધ્વીની સાથે વાત કરતા નથી અને ગૃહસ્થની સ્ત્રીઓ સાથે આહાર વહોરવા વગેરે કારણે બોલવાના પ્રસંગે તેનાં અંગોપાંગ વગેરે અવયવોને જોતા નથી, નીચી દૃષ્ટિ રાખે છે, તેને ગચ્છ કહીએ. (૫૪)

## સાધુને સાધ્વીનો પરિચય તજવા ઉપદેશ આપે છે.

વજ્જેઈ અપ્પમત્તા, અજ્જાસંસગ્ગિં અગ્ગિવિસસરિસિં ।
અજ્જાણુચરો સાહૂ, લહઈ અકિત્તિં ખુ અચિરેણ ॥૫૫॥

અર્થ :- ઉત્તમ સાધુએ અગ્નિ અને ઝેરના સંસર્ગ જેવો સાધ્વીનો સંસર્ગ (પરિચય) અપ્રમત્ત થઈને તજવો જોઈએ, ભૂલથી પણ ન કરવો જોઈએ. (કારણ કે) સાધ્વીનો પરિચય કરનાર સાધુ (વ્રતથી ભ્રષ્ટ ન થાય તોય) અલ્પકાળમાં જ અપયશને (તો) પામે જ છે. (૫૫)

## બ્રહ્મચર્યનો મહિમા.

જો દેઈ કણયકોડિં, અહવા કારેઈ કણયજિણભવણં ।
તસ્સ ન તત્તિયપુન્નં, જત્તિય બંભવ્વએ ધરિએ ॥૫૬॥

અર્થ :- જે કોઈ મનુષ્ય સુવર્ણની કોટિ, અર્થાત્ ક્રોડો રૂપિયાની કિંમતનું સુવર્ણ યાચકોને દાનમાં આપે, અથવા સોનાનું જિનમંદિર કરાવે, તેને તેટલું પુણ્ય ન થાય કે, જેટલું બ્રહ્મચર્યવ્રત ધારણ કરવાથી થાય છે. (૫૬)

સીલં કુલઆહરણં, સીલં રૂવં ચ ઉત્તમં હોઈ ।
સીલં ચિય પંડિચ્ચં, સીલં ચિય નિરુવમં ધમ્મં ॥૫૭॥

**અર્થ** :- શીયળ (બ્રહ્મચર્ય) એ કુળવાનનું (કુળનું) આભરણ છે, શીયળ જ ઉત્તમ રૂપ છે, શીયળ જ સાચું પાંડિત્ય છે અને શીયળ જ નિરૂપમ ધર્મ છે. (૫૭)

## કુમિત્રનો સંગ વર્જવાનો ઉપદેશ

**વરં વાહી વરં મચ્ચૂ, વરં દારિદ્દસંગમો ।**
**વરં અરણ્ણવાસો અ, મા કુમિત્તાણ સંગમો ॥૫૮॥**
**અગીયત્થકુસીલેહિં, સંગં તિવિહેણ વોસિરે ।**
**મુક્ખમગ્ગંમિ મે વિગ્ઘે, પહંમિ તેણગે જહા ॥૫૯॥**

**અર્થ** :- વ્યાધિ, મૃત્યુ અને દરિદ્રતાનો (ગરીબ) સંગમ થવો તેમજ (રણમાં કે) જંગલમાં વાસ કરવો એ શ્રેષ્ઠ છે, પરંતુ કુમિત્રની સંગતિ કરવી તે સારી નથી, અર્થાત્ કુમિત્રની સંગતિનો પ્રસંગ આવે તો જંગલમાં ચાલ્યા જવું વગેરે પણ સારું છે. (૫૮) તે રીતે અગીતાર્થ અને કુશીલિયા સાધુનો સંગ ત્રિવિધે કરીને તજી દેવો, કેમકે જેમ રસ્તામાં ચોર વિઘ્ન કરે, ધન લૂંટી લે તેમ તેઓ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા છે. (૫૯)

## અગીતાર્થ અને કુશીલિયાનું મુખ ન જોવું.

ઉમ્મગ્ગદેસણાએ, ચરણં નાસંતિ જિણવરિંદાણં ।
વાવન્નદંસણા ખલુ, ન હુ લબ્ભા તારિસાદટ્ઠું ॥ ૬૦ ॥

અર્થ :- ઉન્માર્ગની દેશના દેવાથી નિશ્ચયે નાશ પામ્યું છે સમકિત જેઓનું એવા (અજ્ઞાની અસદાચારી) સાધુઓ શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા ચારિત્રનો નાશ કરે છે માટે તેવાઓનું દર્શન પણ કરવું યોગ્ય નથી. (૬૦)

## તેવાઓને બોધિ દુર્લભ હોય છે.

પરિવારપૂઅહેઊ, ઓસન્નાણં ચ આણુવિત્તીએ ।
ચરણકરણં નિગૂહઈ, તં દુલ્લહબોહિઅં જાણ ॥ ૬૧ ॥

અર્થ :- શિષ્ય પરિવારના લોભથી, માન-પૂજા મેળવવા માટે, અને અવસન્ન (ચારિત્રમાં શિથિલ) સાધુને અનુસરવા માટે જે પોતાના મૂળગુણ ઉત્તરગુણરૂપ ચારિત્રને છુપાવે છે (દૂષિત કરે છે,) તે સાધુને દુર્લભબોધિ સમજવો. અર્થાત્ તેને સમકિત પણ દુર્લભ થાય છે. (૬૧)

## ઓસન્નાની નિશ્રાએ ચાલવાથી સારા મુનિમાં પણ દોષો આવે છે.

**અંબસ્સ ય નિંબસ્સ ય, દુણ્હંપિ સમાગયાઈં મૂલાઈં ।**
**સંસગ્ગેણ વિણટ્ઠો, અંબો નિંબત્તણં પત્તો ॥ ૬૨ ॥**

અર્થ :- આંબાનાં અને લીમડાનાં, બંનેનાં મૂળ જમીનમાં એકઠા થયા, તેમાં લીમડાના સંસર્ગથી વિનષ્ટ થયેલો આંબો લીમડાપણાને પામ્યો. અર્થાત્ દુર્જનની સોબતથી પ્રાય:સજ્જન દુર્જન થઈ જાય છે. (૬૨)

## બીજા દૃષ્ટાંતથી એ વાત સમજાવે છે.

**પક્કણકુલે વસંતો, સઉણીપારોવિ ગરહિઓ હોઈ ।**
**ઈય દંસણા સુવિહિઆ, મજ્ઝિ વસંતા કુસીલાણં ॥ ૬૩ ॥**

અર્થ :- ચંડાળના કુળને વિષે વસનારો શકુનીપારક (સ્નાન, સંધ્યા, પૂજા, હોમ, જાપ અને તર્પણ એ ષટ્કર્મનો જાણકાર બ્રાહ્મણ) પણ નિંદાનું પાત્ર થાય છે. એ દૃષ્ટાંતથી સુવિહિત સદાચારી મુનિ પણ કુશીલિયાની ભેગા રહેવાથી નિંદા પામે છે. (૬૩)

## ઉત્તમની સંગતિથી થતો લાભ.

ઉત્તમજણસંસગ્ગી, સીલદરિદ્દંપિ કુણઈ સીલડ્ઢં ।
જહ મેરુગિરિવિલગ્ગં, તણંપિ કણગત્તણમુવેઈ ॥ ૬૪ ॥

અર્થ :- જેમ મેરુપર્વત ઉપર ઊગેલું તૃણ પણ સુવર્ણ પણાને પામે છે, તેમ ઉત્તમ જનની સંગતિ સદાચાર રહિત પુરુષને પણ સદાચારી બનાવે છે. (૬૪)

## કુસંસર્ગથી મિથ્યાત્વી બનવાનો સંભવ જણાવીને મિથ્યાત્વ કેવું દુષ્ટ છે તે કહે છે.

નવિ તં કરેઈ અગ્ગી, નેવ વિસં નેવ કિન્હસપ્પો અ ।
જં કુણઈ મહાદોસં, તિવ્વં જીવસ્સ મિચ્છત્તં ॥ ૬૫ ॥

અર્થ :- તીવ્ર મિથ્યાત્વ, જીવને જેટલો મહાન દોષ (દુ:ખ) કરે છે, તેટલો દોષ (દુ:ખ) અગ્નિ, વિષ અને કાળો સર્પ પણ કરતો નથી. (૬૫)

## એક મિથ્યાત્વ છતે બીજું સર્વ નિરર્થક છે.

કટ્ઠં કરેસિ અપ્પં, દમેસિ અત્થં ચએસિ ધમ્મત્થં ।
ઈક્કં ન ચયસિ મિચ્છત્ત, વિસલવં જેણ બુડ્ડિહિસિ ॥૬૬॥

અર્થ :- હે જીવ તું કાયાથી કષ્ટ કરે છે, આત્માને દમે છે અને ધર્મને અર્થે દ્રવ્યને પણ ખર્ચે છે, છતાં ઝેરના બિંદુ જેવા એક મિથ્યાત્વને ત્યજતો નથી તેથી સંસાર સમુદ્રમાં ડૂબીશ. (૬૬)

## યતનાની પ્રાધાન્યતા.

**જયણા ય ધમ્મજણણી, જયણા ધમ્મસ્સ પાલણી ચેવ ।**
**તવવુડ્ઢિકરી જયણા, એગંતસુહાવહા જયણા ॥ ૬૭ ॥**

અર્થ :- જયણાથી ધર્મ પ્રગટે છે માટે તે ધર્મની માતા છે, જયણાથી ધર્મની રક્ષા થાય છે; માટે તે ધર્મનું પાલન કરનારી છે જયણાથી ધર્મ વધે છે; માટે તે તપની વૃદ્ધિ કરનારી છે અને એકાંત સુખને આપનારી પણ જયણા છે. અર્થાત્ જયણાથી બધાં સુખો પ્રગટે છે. (૬૭)

## કષાયની દુષ્ટતા

**જં અજ્જિઅં ચરિત્તં, દેસૂણાએ અ પુવ્વકોડીએ ।**
**તં પુણ કસાયમિત્તો, હારેઈ નરો મુહુત્તેણં ॥ ૬૮ ॥**

અર્થ :- દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષો સુધી પણ કષ્ટે કરીને જે ચારિત્ર ગુણ ઉપાર્જન કર્યો હોય, તેને માત્ર

એક મુહૂર્ત માં કષાયને વશ થયેલો મનુષ્ય એક સાથે હારી જાય છે. (૬૮)

## ચારે કષાયની દુષ્ટતાનું વર્ણન.

**કોહો પીઈં પણાસેઈ, માણો વિણયનાસણો ।**
**માયા મિત્તાણિ નાસેઈ, લોહો સવ્વવિણાસણો ॥ ૬૯ ॥**

**અર્થ** :- ક્રોધ પ્રીતિનો (સંપનો) નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે, અને લોભ સર્વનો વિનાશ કરે છે. (૬૯)

## ક્ષમાનું સ્વરૂપ

**ખંતી સુહાણ મૂલં, મૂલં ધમ્મસ્સ ઉત્તમા ખંતી ।**
**હરઈ મહાવિજ્જા ઈવ, ખંતી દુરિયાઈં સવ્વાઈં ॥ ૭૦ ॥**

**અર્થ** :- ક્ષમા સુખોનું મૂલ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ એવી ક્ષમા છે. મહાવિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુ:ખોનું હરણ કરે છે અર્થાત્ બધી વિદ્યાઓ સાધવા કરતાં એક ક્ષમાની સાધના જ વધારે હિતકારી છે. (૭૦)

## પાપસાધુ કોને કહેવાય ?

સયં ગેહં પરિચ્ચજ્જ, પરગેહં ચ વાવડે ।
નિમિત્તેણ ય વવહરઈ, પાવસમણુત્તિ વુચ્ચઈ ॥ ૭૧ ॥

દુદ્ધ દહી વિગઈઓ, આહારેઈ અભિક્ખણં ।
ન કરેઈ તવોકમ્મં, પાવસમણુત્તિ વુચ્ચઈ ॥ ૭૨ ॥

અર્થ :- જે પોતાના ઘરનો ત્યાગ કરીને પરઘરને જોયા કરે છે, પરનાં (શ્રાવકોનાં) ઘરોનું મમત્વ કરે છે અને નિમિત્ત (ભૂત-ભવિષ્ય) કહીને જીવે છે, તે પાપ સાધુ કહેવાય છે. (૭૧)

વળી દૂધ, દહીં અને ઘૃતાદિક વિગઇઓને જે નિષ્કારણ વારંવાર વાપરે અને તપકર્મ (સાધુતાની સાધના) ન કરે, તેને પાપશ્રમણ કહેવામાં આવે છે. (૭૨)

## પાંચ પ્રમાદનાં નામો તથા તેનું ફળ

મજ્જં વિસય કસાયા, નિદ્દા વિકહાય પંચહિ ભણિયા ।
એએ પંચપમાયા, જીવં પાડંતિ સંસારે ॥ ૭૩ ॥

અર્થ :- સુરાપાન અથવા આઠ પ્રકારનો મદ, વિષયોનું સેવન, કષાયો, નિદ્રા અને પાંચમી વિકથા એ પાંચ પ્રમાદો જીવને સંસારને વિષે ડૂબાડે છે. (૭૩)

## નિદ્રાથી થતી હાનિ.

જઈ ચઉદસપુવ્વધરો, વસઈ નિગોએસુડણંતયં કાલં ।
નિદ્દાપમાયવસગો, તા હોહિસિ કહ તુમં જીવ ॥ ૭૪ ॥

અર્થ :- જો એક નિદ્રારૂપ પ્રમાદના વશથી ચૌદ પૂર્વધર જેવા પણ નિગોદને વિષે અનંતો કાળ રહે છે, તો હે જીવ ! તારું શું થશે ? અર્થાત્ તું જો પ્રમાદને વશ પડ્યો તો સંસારથી છૂટી શકીશ નહિ. (૭૪)

## જ્ઞાન અને ક્રિયાની સાપેક્ષતા

હયં નાણં કિયાહીણં, હયા અન્નાણઓ કિયા ।
પાસંતો પંગુલો દડ્ઢો, ધાવમાણો અ અંધઓ ॥ ૭૫ ॥
સંજોગ-સિદ્ધીઈ ફલં વયંતિ, ન હુ એગચક્કેણ રહો પયાઈ ।
અંધો ય પંગૂ ય વણે સમિચ્ચા, તે સંપઉત્તા નગરં પવિટ્ઠા ॥૭૬॥

અર્થ :- ક્રિયાહીન જે જ્ઞાન છે તે નિષ્ફળ છે અને અજ્ઞાનપણાથી કરેલી ક્રિયા પણ નિષ્ફળ છે. અર્થાત્

જ્ઞાન વડે શુભાશુભ-કૃત્યાકૃત્ય ભાવો જાણે છે, પરંતુ જો શુભ ક્રિયા કરતો નથી, અથવા ક્રિયા કરવા છતાં તેનું રહસ્ય સમજતો નથી તો તેથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. અહીં દૃષ્ટાંત કહે છે કે વનમાં દાવાનળ દેખવા છતાં પાંગળો નહિ ચાલવાથી દાઝયો, અને દોડવા છતાં આંધળો નહિ દેખવાથી દાઝયો. (૭૫)

પંડિત પુરુષો જ્ઞાન અને ક્રિયાના સંયોગથી કાર્યની સિદ્ધિ માને છે, એટલે અહીં પણ જ્ઞાનપૂર્વકની ક્રિયાવડે જ મુક્તિરૂપ ફલની પ્રાપ્તિ થાય છે, કારણ કે રથ એક પૈડે કરીને ચાલતો નથી, પણ બે પૈડાવડે જ ચાલી શકે છે, અહીં દૃષ્ટાંત કહે છે. આંધળો અને પાંગળો વનને વિષે પરસ્પર સહાયક બનીને નાઠા, તેથી નગરમાં પહોંચ્યા અર્થાત્ આંધળાયે પાંગળાને ઉપાડ્યો અને પાંગળાએ આંધળાને રસ્તો સમજાવ્યો, એમ બંને દાવાનળથી બચ્યા. (૭૬)

## ચારિત્ર વગરનું ઘણું પણ જ્ઞાન નકામું છે.

**સુબહુંપિ સુઅમહીઅં, કિં કાહી ચરણવિપ્પહીણસ્સ ।**
**અંધસ્સ જહ પલિત્તા, દીવસયસહસ્સકોડીઓ ॥ ૭૭ ॥**

અર્થ :- જેમ સળગાવેલા ક્રોડો દીવાઓ પણ અંધને કાંઈ પ્રકાશ આપી શકતા નથી, તેમ ચારિત્ર રહિત આત્માને તેણે ઘણું ઘણું જ્ઞાન મેળવ્યું હોય, તો પણ તે કંઈ પણ (લાભ) કરી શકતું નથી. (૭૭)

## સદાચારીને થોડું પણ જ્ઞાન ઘણો ઉપકાર કરે છે.

અપ્પંપિ સુઅમહીઅં, પયાસગં હોઈ ચરણજુત્તસ્સ ।
ઈક્કોવિ જહ પઈવો, સચક્ખુઅસ્સ પયાસેઈ ॥૭૮॥

અર્થ :- જેમ દેખતા મનુષ્યને માત્ર એક દિપક પણ પ્રકાશ આપે છે, તેમ ચારિત્રયુક્ત પુરુષનો થોડો પણ શ્રુતાભ્યાસ આત્મામાં પ્રકાશ કરે છે. (૭૮)

## શ્રાવકની અગિયાર પડિમાઓનાં નામ

દંસણ-વય-સામાઈય, પોસહ-પડિમા-અબંભ-સચ્ચિત્તે ।
આરંભપેસ-ઉદ્દિટ્ઠ વજ્જએ સમણભૂએ અ ॥૭૯॥

અર્થ :- ૧. સમકિતપ્રતિમા, ૨. વ્રતપ્રતિમા, ૩. સામાયિકપ્રતિમા, ૪. પૌષધપ્રતિમા, ૫. કાયોત્સર્ગ પ્રતિમા, ૬. અબ્રહ્મવર્જનપ્રતિમા, ૭. સચિત્તવર્જન

પ્રતિમા, ૮. આરંભવર્જનપ્રતિમા, ૯. પ્રેષ્યવર્જન પ્રતિમા, ૧૦. ઉદ્દિષ્ટ વર્જનપ્રતિમા અને ૧૧. શ્રમણભૂત પ્રતિમા, એમ ઉત્તમ શ્રાવકને એ અગિયાર પડિમાઓ (અભિગ્રહ) કહેવાય છે. (૭૯)

## શ્રાવક કોને કહેવાય ?

**સંપત્તદંસણાઈ, પઈદિયહં જઈજણાઓ નિસુણેઈ ।**
**સામાયારિં પરમં, જો ખલુ તં સાવગં બિંતિ ॥૮૦॥**

**અર્થ :-** પ્રાપ્ત કર્યું છે સમકિત વગેરે જેણે એવો, અથવા સંપૂર્ણ થઈ છે ઉપર જણાવી તે સમકિત વગેરે પ્રતિમાઓ જેને એવો, તથા પ્રતિદિવસ મુનિઓની પાસે શ્રેષ્ઠ એવુ સમાચારી સ્વરૂપ જે સાંભળતો હોય, સમજતો હોય, નિશ્ચયથી તે પુરુષને ભગવંત 'શ્રાવક' કહે છે. (૮૦)

## ચારિત્ર વગરનું જ્ઞાન ભારભૂત છે.

**જહા ખરો ચંદણભારવાહી, ભારસ્સ ભાગી ન હુ ચંદણસ્સ ।**
**એવં ખુ નાણી ચરણેણ હીણો, ભારસ્સ ભાગી ન હુ સુગ્ગઈએ ॥૮૧॥**

અર્થ :- ચંદનનાં લાકડાંને ઉપાડનારો ગધેડો તેની સુગંધનો સ્વાદ લઈ શકતો નથી, માત્ર ભાર ઉપાડે છે, તેમ ચારિત્ર વિનાનો પુરુષ જ્ઞાની છતાં (જ્ઞાનના ફળરૂપ) સદ્‌ગતિને પામી શકતો નથી. અર્થાત્ તેનું જ્ઞાન માત્ર ભારભૂત છે-નિષ્ફલ છે. (૮૧)

## સ્ત્રીસેવન થી કેટલી હિંસાનો સંભવ છે.

**તહિં પંચિદિઆ જીવા, ઈત્થીજોણીનિવાસિણો ।**
**મણુઆણ્ નવલક્‌ખા, સવ્વે પાસઈ કેવલી ॥૮૨॥**
**ઈત્થીણં જોણીસુ, હવંતિ બેઈંદિયા ય જે જીવા ।**
**ઈક્‌કો ય દુન્નિ તિન્નિવિ, લક્‌ખપહુત્તં તુ ઉક્‌કોસં ॥૮૩॥**
**પુરિસેણ સહગયાએ-તેસિં જીવાણ હોઈ ઉદવણં ।**
**વેણુઅદિટ્ઠંતેણં, તત્તાઈ-સિલાગનાએણ ॥૮૪॥**

અર્થ :- સ્ત્રીઓની યોનિમાં નવ લાખ પંચેન્દ્રિય (ગર્ભજ) મનુષ્ય જીવો ઉપજે છે, તેઓને કેવલજ્ઞાની દેખી શકે છે. અર્થાત્ છદ્મસ્થ તેને જોઈ શકે નહિ તેવા હોય છે. (૮૨)

વળી સ્ત્રીઓની યોનિને વિષે જે બેઇન્દ્રિય જીવો ઉપજે છે, તે જઘન્યથી એક, બે, ત્રણ અથવા ઉત્કૃષ્ટથી બે લાખથી નવ લાખ પણ હોય છે. (૮૩)

જેમ ( રૂથી ભરેલી ) ભુંગળીમાં તપાવેલી ( લોખંડની ) સળી નાખતાં જ બધું રૂ બળી જાય , તેમ સ્ત્રીનો પુરુષની સાથે સંયોગ થવાથી તે ( ૮૨-૮૩ ) ગાથામાં જણાવેલા ) સર્વ જીવોનો નાશ થાય છે. ( ૮૪ )

## સંમૂર્છિમ જીવો કેટલા હોય ?

ઇત્થીણ જોણિમજ્ઝે , ગબ્ભગયાઈ હવંતિ જે જીવા ।
ઉપ્પજ્જંતિ ચયંતિ ય , સમુચ્છિમા અસંખયા ભણિયા ॥૮૫॥

**અર્થ** :- સ્ત્રીની યોનિને વિષે ગર્ભાશયમાં જે સંમૂર્છિમ જીવો હોય છે તે ( અંતર્મુહૂર્તમાં ) અસંખ્યાતા ઉપજે છે અને મરે છે. ( ૮૫ )

## મૈથુનમાં થતી જીવહિંસા જિનેશ્વરદેવોએ કહેલી છે.

મેહુણસન્નારૂઢો , નવલક્ખ હણેઈ સુહુમજીવાણં ।
તિત્થયરેણં ભણિયં , સદ્દહિયવ્વં પયત્તેણં ॥૮૬॥

**અર્થ** :- મૈથુનસંજ્ઞાને વિષે આરૂઢ થયેલો મનુષ્ય નવલાખ સૂક્ષ્મ જીવોને ( મનુષ્યોને ) હણે છે , એ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે તે શ્રદ્ધાથી માન્ય કરવું. ( ૮૬ )

નોંધ : શાસ્ત્રમાં કહેલું છે કે-એક જ વખતના મૈથુન સેવનથી સ્ત્રીની યોનિમાં નવલાખ ગર્ભજ અને અસંખ્યાતા સંમૂર્છિમ મનુષ્યો તથા લાખો બેઇન્દ્રિયાદિ જીવો ઊપજે છે, તેમાંથી એક યા બે ગર્ભજ મનુષ્યો ગર્ભરૂપે કોઈ વખત જ જીવતા રહી જન્મ લઈ શકે છે, બાકીના બધા ગર્ભજ અને સંમૂર્છિમ મનુષ્યો તથા બેઇન્દ્રિયાદિ જીવોનો નાશ થાય છે.

## શ્રી પન્નવણાસૂત્રની સાક્ષી

**અસંખયા થીનરમેહુણાઓ, મુચ્છંતિ પંચિંદિયમાણુસાઓ ।**
**નીસેસઅંગાણ વિભત્તિચંગે, ભણઈ જિણો પન્નવણાઉવંગે ॥૮૭॥**

અર્થ :- સ્ત્રી અને પુરુષના એક વખતના સંયોગથી અસંખ્યાતા સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે. એમ સર્વ અંગસૂત્રોના અર્થનું જેમાં વિવરણ છે તે ઉત્તમ શ્રી પન્નવણા ઉપાંગને વિષે શ્રીજિનેશ્વર ભગવંતે કહ્યું છે. (૮૭)

## દારૂ, મધ, માંસ અને માખણ એ ચારમાં ઉત્પન્ન થતા જીવોનું વર્ણન.

**મજ્જે મહુંમિ મંસંમિ, નવણીયંમિ ચઉત્થએ ।**
**ઉપ્પજ્જંતિ અનંતા, તવ્વણ્ણા તત્થ જંતુણો ॥૮૮॥**

**અર્થ** :- મદિરામાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં તેના વર્ણ સરખા વર્ણ (રંગ) ના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે. (૮૮)

નોંધ : વર્તમાનમાં માખણ તથા બેરાત્રિ ઉપરના દહીંમાં પ્રત્યક્ષ ઘણા જ જીવો હોય છે, એમ યંત્ર (માઇક્રોસ્કોપ)થી પણ પુરવાર થયું છે.

## માંસની દરેક અવસ્થામાં જીવોની સતત ઉત્પત્તિ થાય છે.

**આમાસુ અ પક્કાસુ અ, વિપચ્ચમાણાસુ મંસપેસીસુ ।**
**સયયં ચિય ઉવવાઓ, ભણિઓ અ નિગોઅજીવાણં ॥૮૯॥**

**અર્થ** :- કાચા, પકાવેલા, કે પકાવતા (રંધાતા) માંસના ટુકડાઓમાં સતત નિગોદ (અનંતકાય) જીવોની ઉત્પત્તિ થાય છે, એમ કહેવું છે. (૮૯)

નોંધ : પાણીમાં લીલ, કે પાપડમાં ફુગની માફક માંસમાં તુરત જ તદ્વર્ણી નિગોદ (અનંતકાય) ઉત્પન્ન થાય છે, તે કાચું હોય કે રંધાયેલું હોય પણ જીવોની ઉત્પત્તિ ચાલુ જ રહે છે તે સિવાય તેના રસથી ઉત્પન્ન થતા બીજા ત્રસજીવો પણ તેમાં હોય છે, એમ અનંતકાય અને અતિસૂક્ષ્મ ત્રસજીવોથી માંસ ભરપૂર હોય છે.

## વ્રત (પ્રતિજ્ઞા) ભાંગવાથી કેટલું મોટું પાપ બંધાય છે.

**આજમ્મં જં પાવં, બંધઈ મિચ્છત્તસંજુઓ કોઈ ।**
**વયભંગં કાઉમણો, બંધઈ તં ચેવ અટ્ઠગુણં ॥૯૦॥**

**અર્થ** :- કોઈ મિથ્યાત્વી જીવ જન્મથી આરંભીને મરણ પર્યંત જેટલું પાપ બાંધે છે, તે કરતાં આઠગણું પાપ વ્રત ભંગ કરવાની ઇચ્છા કરનાર (સાધુ) બાંધે છે. (૯૦)

## સાધુને બ્રહ્મચર્યના ખંડનથી કેટલું પાપ લાગે ?

**સયસહસ્સાણ નારીણં, પિટ્ટં ફાડેઈ નિગ્ઘિણો ।**
**સત્તટ્ઠમાસિએ ગબ્ભે, તપ્ફડંતે નિકત્તઈ ॥૯૧॥**

તં તસ્સ જત્તિયં પાવં, તં નવગુણિય મેલિયં હુજ્જા ।
એગિત્થિયજોગેણં, સાહૂ બંધિજ્જ મેહુણઓ ॥૯૨॥

અર્થ :- નિર્દયતાથી એક લાખ ગર્ભવતી સ્ત્રીઓનાં પેટ ફાડનારો નિર્દય મનુષ્ય તેમાંથી નીકળેલા તે સાત આઠ મહિનાના તડફડતા ગર્ભોનો નાશ કરે. (૯૧)

તેનું તેને જેટલું પાપ લાગે તેને નવગણું કરીને તેની સાથે મેળવતા (અર્થાત્ દશગણું) જેટલું થાય તેટલું પાપ એક સ્ત્રીના સંયોગથી મૈથુન દ્વારા સાધુ બાંધે. (૯૨)

## કેવા ગુરુ પાસે, 'સમકિત-વ્રત' વગેરે ધર્મ, કે પ્રાયશ્ચિત વગેરે ગ્રહણ કરવું ?

અખંડિયચારિત્તો, વયધારી જો વ હોઈ ગીયત્થો ।
તસ્સ સગાસે દંસણ-વયગહણ સોહિકરણં ચ ॥૯૩॥

અર્થ :- અખંડ ચારિત્રવંત (ગીતાર્થ) ગુરુ અથવા તેવા ગુરુનો યોગ ન મળે તો વ્રતધારી (તથા શાસ્ત્રોનો જાણ એવો જે) ગૃહસ્થ હોય, તેની સમીપે સમકિત તથા વ્રત વગેરે, અને પ્રાયશ્ચિત અંગીકાર કરવું. (૯૩)

## પૃથ્વીકાય વગેરે સ્થાવર જીવોનાં બારીક શરીર.

અદ્દામલયપમાણે, પુઢવીકાએ હવંતિ જે જીવા ।
તે પારેવયમિત્તા, જંબૂદીવે ન માયંતિ ॥ ૯૪ ॥
એગંમિ ઉદગબિંદુંમિ, જે જીવા જિણવરેહિં પન્નત્તા ।
તે જઈ સરિસવમિત્તા, જંબૂદીવે ન માયંતિ ॥ ૯૫ ॥
વરંટતંદુલમિત્તા, તેઉકાએ હવંતિ જે જીવા ।
તે જઈ ખસખસમિત્તા, જંબૂદીવે ન માયંતિ ॥ ૯૬ ॥
જે લિંબપત્તમિત્તા, વાઉકાએ હવંતિ જે જીવા ।
તે મત્થયલિક્ખમિત્તા, જંબૂદીવે ન માયંતિ ॥ ૯૭ ॥

અર્થ :- લીલા આમળાના પ્રમાણ જેટલા પૃથ્વીકાયના સમૂહમાં જે જીવો રહેલા છે, તે દરેકનું શરીર પારેવા જેવડું થાય તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. (૯૪)

શ્રી જિનેશ્વરોએ પાણીના એક બિંદુમાં જે જીવો કહ્યા છે, તે દરેક જો સરસવ જેવડા શરીરવાળા હોય તો જંબૂદ્વીપમાં સમાય નહીં (૯૫)

બંટીના તાંદળા (તંદુલ)ના એક દાણા જેવડા અગ્નિ (તણખા)માં જે અગ્નિકાય જીવો હોય, તે દરેક

જો ખસખસ જેવડા શરીરવાળા થાય તો જંબૂદ્વીપમાં સમાય નહીં. (૯૬)

લીમડાનું એક પાંદડું જેટલી જગ્યા રોકે તેટલી જગ્યામાં જે વાયુકાય જીવો હોય તે દરેક માથાની લીખ જેવડા શરીરવાળા થાય તો જંબૂદ્વીપમાં સમાય નહીં. (૯૭)

## શિથિલાચારીઓની સાથે રહેલો ઉત્તમ સાધુ પણ અવંદનીય છે.

**અસુઈઠાણે પડિઆ, ચંપકમાલા ન કીરઈ સીસે ।**
**પાસત્થાઈઠાણેસુ, વટ્ટમાણો તહ અપુજ્જો ॥૯૮॥**

**અર્થ** :- અપવિત્ર જગ્યામાં પડેલી ચંપાના પુષ્પોની માળા પણ જેમ મસ્તકે ચઢાવવા યોગ્ય નથી તેમ પાસત્થાદિક કુસાધુઓની નિશ્રામાં વર્તતો-રહેતો એવો ઉત્તમ મુનિ પણ અપૂજ્ય છે-પૂજવા યોગ્ય નથી. (૯૮)

## જ્ઞાનીની આત્મશુદ્ધિ વધુ થાય છે.

**છટ્ઠટ્ઠમદસમદુવાલસેહિં, માસદ્ધમાસખમણેહિં ।**
**ઈત્તો ઉ અણેગગુણા, સોહા જિમિયસ્સ નાણિસ્સ ॥૯૯॥**

જં અન્નાણી કમ્મં, ખવેઈ બહુઆઈ વાસકોડીહિં ।
તન્નાણી તિહિં ગુત્તો, ખવેઈ ઉસ્સાસમિત્તેણં ॥૧૦૦॥

અર્થ :- છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ અને માસખમણ જેવો (આકરો) તપ કરવાથી (અજ્ઞાનીને) જે નિર્જરા-આત્મશુદ્ધિ થાય છે, તેથી અનેકગણી નિર્જરા (શુદ્ધિ, વિના ઉપવાસે) જમવા છતાં જ્ઞાની કરી શકે છે. (૯૯)

કરોડો વર્ષોમાં અજ્ઞાની જેટલાં કર્મોને ખપાવે છે, તેટલાં કર્મોને મન-વચન અને કાયાને વશ કરી ત્રણ ગુપ્તિને પાળનારો જ્ઞાની માત્ર એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે. (૧૦૦)

## દેવદ્રવ્યની મહત્તા અને તેની રક્ષા વગેરેનું ફળ

જિણપવયણવુડ્ઢિકરં, પભાવગં નાણદંસણગુણાણં ।
રક્ખંતો જિણદવ્વં, તિત્થયરત્તં લહઈ જીવો ॥૧૦૧॥
જિણપવયણવુડ્ઢિકરં, પભાવગં નાણદંસણગુણાણં ।
ભક્ખંતો જિણદવ્વં, અણંતસંસારિઓ હોઈ ॥૧૦૨॥
ભક્ખેઈ જો ઉવેક્ખેઈ, જિણદવ્વં તુ સાવઓ ।
પન્નાહીણો ભવે જીવો, લિપ્પઈ પાવકમ્મુણા ॥૧૦૩॥

અર્થ :- બીજા પણ અનેક પ્રકારની શાસનથી ઉન્નતિ થાય, એવા જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ ગુણોની પ્રભાવના કરનારા દેવદ્રવ્યનું રક્ષણ કરનારો જીવ તીર્થંકરપણું પામે છે. ભવિષ્યમાં તીર્થંકર થાય છે. (૧૦૧)

ઉપર જણાવ્યું તેમ જૈનશાસનની વૃદ્ધિ કરનારા અને જ્ઞાનાદિ ગુણોની પ્રભાવના કરનારા એવા દેવદ્રવ્યનું ભક્ષણ કરનારો જીવ અનંતસંસારી થાય છે. અનંતકાળ સંસારના દુ:ખોથી પીડાય છે. (૧૦૨)

જે શ્રાવક ઉપર જણાવ્યું તેવા ઉપકારી દેવદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા તેનો નાશ થતો હોય ત્યારે ઉપેક્ષા કરે, તો તે જીવ પ્રજ્ઞા (બુદ્ધિ) હીન થાય અને પાપકર્મોથી લેપાય, ઘણાં દુષ્ટ કર્મોને બાંધે (૧૦૩)

## ચાર મોટાં પાપો અને તેનું ફળ.

ચેઈઅદવ્વવિણાસે, રિસિઘાએ પવયણસ્સ ઉડ્ડાહે ।
સંજઈચઉત્થભંગે, મૂલગ્ગી બોહિલાભસ્સ ॥૧૦૪॥

**અર્થ** :- ઉપર કહ્યું કે દેવદ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિનો ઘાત કરવાથી, જૈન શાસનનો-પ્રવચનનો ઉડ્ડાહ ( અપકીર્તિ ) કરવાથી અને સાધ્વીના ચતુર્થ વ્રતનો (બ્રહ્મચર્યનો) ભંગ કરવાથી તે જીવને સમકિતના લાભ ( રૂપ વૃક્ષ )ના મૂળમાં અંગારો મૂકાય છે. (૧૦૪)

## શ્રી જિનેશ્વરની પૂજા કરવાની ભાવનાથી પણ મોટા લાભ છે.

સુચ્ચઈ દુગ્ગયનારી, જગગુરુણો સિંદુવારકુસુમેહિં ।
પૂઆપણિહાણેહિં, ઉપ્પન્ના તિયસલોગંમિ ॥૧૦૫॥

**અર્થ** :- એમ સંભળાય છે કે, દરિદ્રી એવી એક સ્ત્રી સિંદુવારના (નગોડાના) પુષ્પોવડે પ્રભુની પૂજા કરવાના પ્રણિધાનથી-એકાગ્રતાથી (પણ) દેવલોકને વિષે ઉત્પન્ન થઈ. (૧૦૫)

## જિનપૂજાના આઠ પ્રકારો

તિત્થયરત્તં સમ્મત-ખાઈચં સત્તમીએ તઈચાએ ।
વંદણએણં વિહિણા, બદ્ધં ચ દસારસીહેણં ॥૧૦૬॥

**અર્થ** :- ૧. શ્રેષ્ઠ સુગંધિમાન (વાસ-કસ્તુરી વગેરે) ચૂર્ણો, ૨. સુગંધવાળાં ઉત્તમ જાતિનાં પુષ્પો, ૩. ઉત્તમ જાતિના અક્ષત, ૪. તાજા ઘીનો દિપક, ૫. શ્રેષ્ઠ તાજાં ફળો, ૬. દશાંગાદિ ઉત્તમ ધૂપ, ૭. જળથી ભરેલાં પાત્રો (જળ ભરેલો કુંભ) અને ૮. શ્રેષ્ઠ નૈવેદ્યો, એમ આઠ પ્રકારથી શ્રી જિનપૂજા કહેલી છે. (આ સિવાય પણ પાંચ પ્રકારી, એકવીસ પ્રકારી, સત્તર પ્રકારી વગેરે ઘણી રીતે પૂજાના પ્રકારો કહેલા છે.(૧૦૬)

## શ્રી જિન પૂજનનું ફળ

**અકસિણપવત્તગાણં, વિરયાવિરયાણ એસ ખલુ જુત્તા ।**
**સંસારપયણુકરણે, દવ્વત્થએ કૂવદિટ્ઠંતો ॥૧૦૭॥**

**અર્થ** :- શ્રી જિનેશ્વરની પૂજા, પૂજા કરનારના પાપના સમૂહનો નાશ કરે છે, સઘળાં દુઃખોને હરે છે, સઘળી જાતિના સુખ આપે છે, અને અંતે ચિંતવ્યું પણ ન હોય તેવું સર્વોત્કૃષ્ટ (મોક્ષરૂપી) ફળ આપે છે.(૧૦૭)

## જેઓ પ્રભુપૂજામાં હિંસા માની નિષેધ કરે છે. તેમને દૃષ્ટાંત પૂર્વક શ્રાવકને દ્રવ્યપૂજા કરવાથી લાભ થાય છે તે સમજાવે છે.

**અણથોવં વણથોવં, અગ્ગીથોવં કસાયથોવં ચ ।**
**ન હુ તે વીસસિઅવ્વં, થોવંપિ હુ તં બહૂ હોઇ ॥૧૦૮॥**

**અર્થ :-** સંપૂર્ણ રીતે ધર્મકાર્ય-વિરતિ નહિ કરી શકનારા એવા જે દેશવિરતિ શ્રાવકો, તેમને સંસાર ટૂંકો કરવાને અર્થે દ્રવ્યપૂજન કરણીય છે. તેને અંગે કૂવાનું દૃષ્ટાંત જાણવું કૂવો ખોદતાં થાક, તૃષા અને માટી-કાદવ લાગવા છતાં તેમાંથી પાણી નીકળતાં તે બધું દૂર કરી શકાય છે અને પછી હંમેશનો લાભ મળે છે, તેમ દ્રવ્યપૂજનમાં જે હિંસાદિ પાપ થાય છે, તે પ્રભુપૂજનથી આત્મામાં પ્રગટ થતા શુભ ભાવોથી નાશ પામે છે, ઉપરાંત પૂર્વોપાર્જિત (ગૃહસ્થપણાના આરંભ વગેરેના) પાપો પણ નાશ પામે છે અને શુભ (પુન્યાનુબંધી) પુન્યનો સંચય થાય છે. (૧૦૮)

## ગુરુવંદનનું ફળ દ્રષ્ટાંત સાથે

જં દુક્કડંતિ મિચ્છા, તં ભુજ્જો કારણં અપૂરંતો ।
તિવિહેણ પડિક્કંતો, તસ્સ ખલુ દુક્કડં મિચ્છા ॥૧૦૯॥

**અર્થ** :- ૧૮૦૦૦ સાધુઓને વિધિપૂર્વક વંદન કરવાથી શ્રી કૃષ્ણ વાસુદેવે તીર્થંકરપણું, ક્ષાયિક સમકિત અને સાતમી નરકના બદલે ત્રીજીના આયુષ્યનો બંધ, એ લાભો મેળવ્યા. (૧૦૯)

## થોડા પણ કષાયનો વિશ્વાસ ન કરાય

જં દુક્કડંતિ મિચ્છા, તં ચેવ નિસેવઈ પુણો પાવં ।
પચ્ચક્ખ-મુસાવાઈ, માયાનિયડિપ્પસંગો અ ॥૧૧૦॥

**અર્થ** :- દેવું થોડું હોય, વ્રણ થોડું હોય, અગ્નિ થોડો હોય, અને કષાય થોડો હોય તો પણ હે જીવ ! તેનો વિશ્વાસ ન કરવો, કેમ કે તે અલ્પ હોય છે તો પણ સહજ નિમિત્ત મળતાં વધી જાય છે. (અને ઘણી હાનિ પહોંચાડે છે.) (૧૧૦)

## મિચ્છામિ દુક્કડંનું સ્વરૂપ

મિત્તિ મિઉ મદ્દવત્તે, છત્તી દોસાણ છાયણે હોઈ ।
મિત્તિઅ મેરાઈઠિઓ, દુત્તિ દુગંછામિ અપ્પાણં ॥૧૧૧॥
કત્તિ કડં મે પાવં, ડત્તિ ય દેવેમિ તં ઉવસમેણં ।
એસો મિચ્છામિદુક્કડં-પયક્ખરત્થો સમાસેણં ॥૧૧૨॥

**અર્થ :-** જે દુષ્કૃતને-પાપને મિથ્યા કરે, નિંદા કરે અને તેનાં કારણોને ફરીને સેવે નહિ, એમ મન-વચન અને કાયાથી તે પાપની આલોચના કરનાર હોય, નિશ્ચયથી તેનું 'મિથ્યાદુષ્કૃત' કહેવાય છે. (૧૧૧)

જે દુષ્કૃતને-પાપને મિથ્યા કરે, તે જ પાપનાં કારણોને ફરીને સેવે, (તેપાપને પુનઃ કરે) તે પ્રત્યક્ષ મૃષાવાદી છે અને માયાકપટ સેવવાના સ્વભાવવાળો છે. (૧૧૨)

## 'મિચ્છામિ દુક્કડં' એ છ અક્ષરોનો અર્થ

નામં ઠવણાતિત્થં, દવ્વ તિત્થં ચ ભાવતિત્થં ચ ।
ઈક્કિક્કંમિ ય ઈતો- ડણેગવિહં હોઈ નાયવ્વં ॥૧૧૩॥

દાહોવસમ તન્હાઈ, છેયણં મલવિવાહણં ।
તિહિ અત્થેહિ નિઉત્તં, તમ્હા તં દવ્વઓ તિત્થં ॥૧૧૪॥

**અર્થ** :- 'મિચ્છામિ દુક્કડં'માં 'મિ' એટલે મૃદુ કાયાથી નમ્ર અને ભાવથી લઘુતા કેળવીને, 'ચ્છા' એટલે લાગેલા દોષોનું છાદન કરવા માટે, ત્રીજો અક્ષર 'મિ' એટલે મર્યાદામાં (ચારિત્રાચારમાં) પુનઃસ્થિર બનીને, 'દુ' એટલે મારા (પાપ કરનાર પૂર્વ પર્યાયરૂપ) આત્માની નિંદા કરવાપૂર્વક 'ક' એટલે મેં કરેલું પાપ, તેને 'ડં' એટલે ઉપશમ દ્વારા (હવે એવું પાપ નહિ કરવાનો નિશ્ચય કરીને) હું 'ડયન' ઉલ્લંઘન કરું છું-પદનો અર્થ ટૂંકમાં છ અક્ષરોનાંતે પાપથી દૂર થાઉં છું. એમ 'મિચ્છામિ દુક્કડં' પદનો અર્થ ટૂંકમાં છ અક્ષરોના અર્થથી સમજવો. (૧૧૩-૧૧૪)

## તીર્થના પ્રકારો.

કોહંમિ ઉ નિગ્ગહિએ, દાહસ્સ ઉવસમણં હવઈ તિત્થં ।
લોહંમિ ઉ નિગ્ગહિએ, તન્હાએ છેયણં હોઈ ॥૧૧૫॥

**અર્થ** :- નામતીર્થ, સ્થાપનાતીર્થ, દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ. એ પ્રમાણે તીર્થના મુખ્ય ચાર ભેદો છે. તે એકેકના પણ અનેક પ્રકારો છે એમ સમજવું. (૧૧૫)

## દ્રવ્યતીર્થની વ્યાખ્યા.

**અટ્ઠવિહં કમ્મરયં, બહુએહિઁ ભવેહિઁ સંચિયં જમ્હા ।**
**તવસંજમેણ ધોવઈ, તમ્હા તં ભાવઓ તિત્થં ॥૧૧૬॥**

**અર્થ** :- દાહને શાન્ત કરવો, તૃષાને છેદવી અને મેલને ટાળવો, એ ત્રણ અર્થોથી યુક્ત હોવાથી, અર્થાત્ એ ત્રણ કાર્યો કરનાર હોવાથી તેને 'દ્રવ્યતીર્થ' કહેવાય છે. (૧૧૬)

## એ જ અર્થમાં ભાવતીર્થનું સ્વરૂપ

**દંસણનાણચરિત્તે સુનિઉત્તં-જિણવરેહિઁ સવ્વેહિં ।**
**એએણ હોઈ તિત્થં, એસો અન્નોવિ પજ્જાઓ ॥૧૧૭॥**
**સવ્વો પુવ્વકયાણં, કમ્માણં પાવએ ફલવિવાયં ।**
**અવરાહેસુ ગુણેસુ અ, નિમિત્તમિત્તં પરો હોઈ ॥૧૧૮॥**

**અર્થ** :- જેનાથી ક્રોધનો નિગ્રહ કરવારૂપ અંતરના

દાહનો ઉપશમ થાય તે તીર્થ કહેવાય, જેનાથી લોભનો નિગ્રહ કરવારૂપ તૃષ્ણાનો છેદ થાય તે તીર્થ કહેવાય, અને ઘણા ભવોનાં એકઠાં કરેલાં આઠ પ્રકારનાં કર્મોરૂપ રજ તપ અને સંયમે કરીને ધોવાઇ જાય-દૂર થાય, તેથી તેને ભાવતીર્થ કહીએ. અર્થાત્ જળાશયો દ્રવ્યતીર્થ છે. અને તપ-સંયમરૂપ ધર્મ એ ભાવતીર્થ છે. (૧૧૭-૧૧૮)

## એ ભાવતીર્થનો બીજો પર્યાય

**ધારિજ્જઈ ઈત્તો જલનિહીવિ-કલ્લોલભિન્નકુલસેલો ।**
**ન હુ અન્નજમ્મનિમ્મિય-સુહાસુહો કમ્મપરિણામો ॥૧૧૯॥**

**અર્થ** :- સર્વ શ્રી જિનેશ્વરોએ જ્ઞાન, દર્શન અને ચારિત્રને વિષે તીર્થ સ્થાપેલું છે એ કારણથી તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર પણ તીર્થ કહેવાય, એ તીર્થ શબ્દનો બીજો પર્યાય (અર્થ) પણ જાણવો. (૧૧૯)

## સમતાનો ઉપાય.

**અકયં નો પરિભુંજઈ, સકયં નાસિજ્જ કસ્સ કિર કમ્મં ।**
**સકયમણુભુંજમાણો, કીસ જણો દુમ્મણો હોઈ ॥૧૨૦॥**

પોસેઈ સુહભાવે, અસુહાઈ ખવેઈ નત્થિ સંદેહો ।
છિંદઈ નરયતિરિયગઈ, પોસહવિહિ-અપ્પમત્તો ય ॥૧૨૧॥
વરગંધપુપ્ફઅક્ખય-પઈવફલધૂવનીરપત્તેહિં ।
નેવિજ્જવિહાણેણ ય, જિણપૂઆ અટ્ઠહા ભણિયા ॥૧૨૨॥

**અર્થ** :- સર્વ લોક (જીવો) પૂર્વ ભવે કરેલાં કર્મોનાં જ ફળ ભોગવે છે, અપરાધોમાં અને ગુણોમાં (દુઃખ-સુખમાં) બીજો તો નિમિત્ત માત્ર જ હોય છે. અર્થાત્ પોતાના તેવા કર્મવિપાક વિના બીજો કંઈ સારું ખોટું કરી શકતો નથી. (૧૨૦)

પાણીનાં મોટાં મોજાથી કાંઠાના પર્વતોને પણ જેણે ભેદી નાંખ્યા છે એવા સમુદ્રને સામેથી આવતો રોકી શકાય, પણ અન્ય ભવોમાં કરેલા શુભાશુભ કર્મના પરિણામ ઉદયમાં આવે તેને કદાપિ રોકી ન શકાય. (૧૨૧)

પોતે ન કરેલાં કર્મ કોણ ભોગવે ? અર્થાત્ ન ભોગવે અને વિના ભોગવે પોતે કરેલાં કર્મ કોનાં નાશ પામે છે ? અર્થાત્ કોઈના નાશ પામતાં નથી, તો પછી પોતાનાં કરેલા કર્મને ભોગવતો પ્રાણી શા માટે દુઃખી

મનવાળો થાય, દુર્ધ્યાન શા માટે કરે ? અર્થાત્ સમતાથી ભોગવતાં છૂટી જવાય છે, અને દુર્ધ્યાનથી નવાં બંધાય છે, એમ કર્મનું સ્વરૂપ સમજીને જીવે સમતા કેળવવા ઉદ્યમ કરવો. (૧૨૨)

## એ સમતારૂપ પૌષધનું ફળ

ઉવસમઈ દુરિયવગ્ગં, હરઈ દુહં કુણઈ સયલસુક્ખાઈં ।
ચિંતાઈયંપિ ફલં, સાહઈ પૂઆ જિણંદાણં ॥૧૨૩॥

**અર્થ** :- (ઉપર જણાવ્યા પ્રમાણે સમતારૂપ) પૌષધ કરવાથી અપ્રમત્ત-અપ્રમાદી એવો જીવ શુભભાવોનું પોતાના જ્ઞાનાદિ ગુણોનું પોષણ કરે છે, અશુભનો (મોહાદિનો) ક્ષય કરે છે અને નારક-તિર્યંચની દુર્ગતિનો છેદ કરે છે, ત્યાં ઉપજતો નથી, એમાં સંદેહ નથી. (૧૨૩)

## દરેક કાર્યમાં વિધિના આદરવાળો પુરુષ ધન્ય છે.

ધન્નાણં વિહિજોગો, વિહિપક્ખારાહગા સયા ધન્ના ।
વિહિબહુમાણા ધન્ના, વિહિપક્ખ-અદૂસગા ધન્ના ॥૧૨૪॥

**અર્થ** :- વિધિનો યોગ મહા ધન્ય પુરુષોને થાય છે, વિધિ ન પાળી શકે તો પણ તેનો પક્ષ કરનારા

પુરુષો પણ સદા ધન્ય છે. પક્ષ ન કરી શકે તો પણ જેના હૃદયમાં વિધિપ્રત્યેનું બહુમાન છે તે પણ ધન્ય છે, અને બહુમાન પણ ન હોય તથાપિ જે વિધિના પક્ષની નિંદા વગેરે કરી તેને વગોવતા નથી-દૂષિત કરતા નથી તે પણ ધન્ય છે (અર્થાત્ અવિધિનો પક્ષ છૂટે ત્યારથી જીવનો વિકાસ થાય છે.) (૧૨૪)

## ગ્રંથ ભણવાનું ફળ જણાવી ઉપસંહાર.

**સંવેગમણો સંબોહ-સત્તરિં જો પઢેઈ ભવ્વજિઓ ।**
**સિરિજયસેહરઠાણં, સો લહઈ નત્થિ સંદેહો ॥૧૨૫॥**

**અર્થ** :- જેનું મન સંવેગથી રંગાયેલું છે, તેવો જે ભવ્ય જીવ આ 'સંબોધસત્તરી' પ્રકરણને ભણે છે, નિ:સંદેહ તે શ્રીજયશેખર (જયાં આત્મલક્ષ્મીનો સંપૂર્ણ જય છે તે મોક્ષરૂપી સ્થાનને પામે છે. અહીં 'જયશેખર' શબ્દથી કર્તાએ પોતાના ગુરુનું નામ સૂચવ્યું છે (એમ પૂર્વે અર્થ કરનારાઓનું મન્તવ્ય છે.) (૧૨૫)

# સૂચના

'સંબોધસત્તરિ' પ્રકરણના છેડે કર્તાના નામ સૂચક બે શ્લોકો સંસ્કૃતમાં છપાયેલા ઘણા પુસ્તકોમાં જોવા મળે છે, તે અહીં મૂકીએ છીએ.

श्री मन्नागपुरीयाह्व-तपोगण नभोरुणाः ।
ज्ञानपीयूषपूर्णांगाः सूरीन्द्रा जयशेखराः ॥
तेषां पदकजमधुपाः, सूरयो रत्नशेखराः ।
सारं सूत्रात् समुद्धृत्य, चक्रुः संबोधसप्ततिम् ॥

# મુહપત્તિના ૫૦ બોલ

(૧) સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું, (૨) સમકિત મોહનીય, (૩) મિશ્ર મોહનીય, (૪) મિથ્યાત્વ મોહનીય પરિહરું, (૫) કામરાગ, (૬) સ્નેહરાગ, (૭) દૃષ્ટિરાગ પરિહરું, (૮) સુદેવ, (૯) સુગુરુ, (૧૦) સુધર્મ આદરું, (૧૧) કુદેવ, (૧૨) કુગુરુ, (૧૩) કુધર્મ, પરિહરું, (૧૪) જ્ઞાન, (૧૫) દર્શન, (૧૬) ચારિત્ર આરાધના આદરું, (૧૭) જ્ઞાન વિરાધના, (૧૮) દર્શન વિરાધના, (૧૯) ચારિત્ર વિરાધના પરિહરું, (૨૦) મનગુપ્તિ, (૨૧) વચનગુપ્તિ, (૨૨) કાયગુપ્તિ આદરું, (૨૩) મનદંડ, (૨૪) વચન દંડ, (૨૫) કાયાદંડ પરિહરું, (૨૬) હાસ્ય, (૨૭) રતિ, (૨૮) અરતિ પરિહરું, (૨૯) ભય, (૩૦) શોક, (૩૧) જુગુપ્સા પરિહરું, (૩૨) કૃષ્ણ લેશ્યા, (૩૩) નીલ લેશ્યા, (૩૪) કાપોત લેશ્યા પરિહરું, (૩૫) રસ ગારવ, (૩૬) ઋદ્ધિગારવ, (૩૭) શાતાગારવ પરિહરું, (૩૮) માયાશલ્ય, (૩૯) નિયાણ શલ્ય, (૪૦) મિથ્યાત્વ શલ્ય પરિહરું, (૪૧) ક્રોધ, (૪૨) માન પરિહરું, (૪૩) માયા, (૪૪) લોભ પરિહરું, (૪૫) પૃથ્વીકાય, (૪૬) અપ્કાય, (૪૭) તેઉકાયની રક્ષા કરું, (૪૮) વાઉકાય, (૪૯) વનસ્પતિકાય, (૫૦) ત્રસકાયની રક્ષા કરું.

## પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય પ.પૂ. મુનિ શ્રી અમિતયશ વિ.મ. ના સંપાદિત પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. | ચૌદ નિયમ અને વિવિધ ક્રિયાઓ | ગુજરાતી |
| ૨. | ભક્ત કી ભાવના (આવૃત્તિ સાત) | હિન્દી |
| ૩. | મેરે અંતર કી પ્રાર્થના | હિન્દી |
| ૪. | બિખરે મોતી | હિન્દી |
| ૫. | પ્રભુ ભક્તિ (આવૃત્તિ તીન) | હિન્દી |
| ૬. | ચાલો ભક્તિ કરીએ (આવૃત્તિ બે) | ગુજરાતી |
| ૭. | સોનેરી સુવાક્યો (ભાગ-૧) | ગુજરાતી |
| ૮. | સોનેરી સુવાક્યો (ભાગ-૨) | ગુજરાતી |
| ૯. | પ્રભુ ભક્તિ | ગુજરાતી |
| ૧૦. | પરમાત્મા ભક્તિ ઔર ચૌદ નિયમ | હિન્દી |
| ૧૧. | અનમોલ વચન | હિન્દી |
| ૧૨. | પ્રભુ સાથે પ્રીત | ગુજરાતી |
| ૧૩. | જીન ભક્તિ | ગુજરાતી |
| ૧૪. | અનમોલ ખજાનો | ગુજરાતી |
| ૧૫. | અંત સમયની આરાધના | ગુજરાતી |
| ૧૬. | મંગલ સ્ત્રોતો | ગુજરાતી |
| ૧૭. | અરિહંત આરાધના | હિન્દી |
| ૧૮. | સરલ વિધિ સંગ્રહ | ગુજરાતી |
| ૧૯. | સુવાક્ય શાયરી સરિતા | હિન્દી |
| ૨૦. | પ્રભુ ગુણ ગંગા | ગુજરાતી |
| ૨૧. | મંગલ પ્રાર્થના | હિન્દી |
| ૨૨. | દેવસિરાઈ પ્રતિક્રમણ વિધિ | હિન્દી |
| ૨૩. | આરાધનાકા આનંદ | હિન્દી |
| ૨૪. | પંચ પ્રતિક્ક્રમણાદિ સૂત્રો | ગુજરાતી |
| ૨૫. | કરો ભક્તિ પામો મુક્તિ | ગુજરાતી |
| ૨૬. | દેવસિરાઈ પ્રતિક્રમણ વિધિ | ગુજરાતી |
| ૨૭. | મંગલ પ્રાર્થના | ગુજરાતી |
| ૨૮. | કલાપૂર્ણ સ્વાધ્યાય ભાગ ૧-૨-૩-૪ | ગુજરાતી |

VARDHMAN PH : 079 - 28607785